dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-314 | AD-2026, Shravan Sud-08 | Thursday, Dt. 20-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મિર્ઝા ગાલિબ સ્ટ્રીટની G+4 ઈમારતમાં મધરાત બાદ આગ લાગી, ૬૦ લોકોને સુરક્ષિત બહાર કઢાયા

# કોલકાતાની હોટલમાં ભીષણ આગ લાગતા ૮ બાંગ્લાદેશી ભૂંજાયા


કોલકાતા, તા.૧૯

કોલકાતાના મિર્ઝા ગાલિબ સ્ટ્રીટ પર આવેલી એક હોટલમાં મધરાત બાદ ભીષણ આગ લાગતાં નવ લોકોનાં મોત થયાં છે. મૃતકોમાં છ પુરુષો, બે મહિલાઓ અને એક બાળકનો સમાવેશ થાય છે. પ્રાથમિક અહેવાલો મુજબ, મૃતકો બાંગ્લાદેશના સરહદી વિસ્તારોમાંથી તબીબી સારવાર માટે કોલકાતા આવ્યા હતા અને હોટલમાં રોકાયા હતા.

મળતી માહિતી મુજબ, મિર્ઝા ગાલિબ સ્ટ્રીટ પર આવેલી G+4 ઈમારતમાં રાત્રે આશરે ૨ વાગ્યા બાદ આગ લાગી હતી. આગની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આગ એટલી વિકરાળ હતી કે બિલ્ડિંગમાં મોટા પ્રમાણમાં ધુમાડો ફેલાઈ ગયો હતો. જેના કારણે અનેક લોકો ગૂંગળામણનો ભોગ બન્યા હતા.

ફાયર બ્રિગેડના જવાનો દ્વારા લાંબી જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. સવારે ૩ વાગ્યા બાદ હોટલમાંથી નવ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા અને તાત્કાલિક કલકત્તા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ તબીબોએ તમામ નવ લોકોને મૃત જાહેર કર્યા હતા.

આગની ઘટનામાં અન્ય છ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ, હોટલ અને બિલ્ડિંગમાં રહેલા આશરે



૬૦ લોકોને કોઈ ઈજા વિના સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. બચાવ કામગીરી દરમિયાન ફાયર બ્રિગેડની ટીમોએ બિલ્ડિંગના વિવિધ માળની તપાસ કરી હતી.

આ ઘટના કોલકાતાના ન્યૂ માર્કેટ નજીક આવેલા ગીચ અને વ્યસ્ત વિસ્તારમાં બની હોવાથી તંત્ર દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પ્રાથમિક માહિતીમાં હોટલના એર કંડિશનરમાં વિસ્ફોટને કારણે આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે, જોકે સત્તાવાર રીતે તેની પુષ્ટિ થઈ નથી.

હોટલમાં પૂરતી અગ્નિશામક વ્યવસ્થા હતી કે નહીં તે અંગે પણ સવાલો ઊઠ્યા છે. આગ બુઝાવ્યા બાદ સંબંધિત તંત્ર દ્વારા ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. આગનું ચોક્કસ કારણ તેમજ હોટલમાં સલામતીના નિયમોનું પાલન થયું હતું કે નહીં તે તપાસ બાદ સ્પષ્ટ થશે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસ અને ફાયર વિભાગ દ્વારા આગની ઘટનાને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આગ લાગવાનું કારણ સ્પષ્ટ નથી. સૂત્રો સૂચવે છે કે હોટલમાં આગ એર-કંડિશનર વિસ્ફોટને કારણે લાગી હોઈ શકે છે, જોકે ચોક્કસ કારણ હજુ સુધી પુષ્ટિ મળી નથી. ધુમાડા શ્વાસમાં લેવાથી ઘણા લોકો બેભાન થઈ ગયા હોવાના અહેવાલ છે અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. શહેરના સૌથી વ્યસ્ત અને સૌથી ગીચ વસ્તીવાળા વિસ્તારોમાંના એક, કોલકાતાના ન્યૂ માર્કેટ નજીક આગ લાગી હતી. હાલની માહિતી મુજબ હોટલમાં એર-કંડિશનરમાં વિસ્ફોટ થયો હતો.

# ઓડિશામાં પૂરથી પ્રભાવિત લોકો માટે સરકારે રૂ.૧,૦૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી

ભુવનેશ્વર, તા.૧૯

ઓડિશામાં ભારે વરસાદના કારણે અનેક જિલ્લાઓમાં ગંભીર પૂરની સ્થિતિ સર્જાઈ છે. પૂરથી પ્રભાવિત લોકો માટે સરકારે રૂ.૧,૦૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી ગામો, ખેતરો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન ખોરવાયું છે. સરકારના પ્રારંભિક મૂલ્યાંકન મુજબ, ૭૪ બ્લોક અને ૧,૩૬૧ ગામોના આશરે ૧૩ લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. અત્યાર સુધીમાં લગભગ ૩ લાખ લોકોને બચાવી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.રાહત અને બચાવ કામગીરી માટે ૪૫ ઓડીઆરએએફ, ૮ એનડીઆરએફ અને ફાયર તથા ઈમરજન્સી સર્વિસની ૫૯ ટીમો તૈનાત કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં આશરે ૫૫૦ રાહત શિબિરો શરૂ કરાઈ છે.

# સિસ્ટમ સુધારવા માટે કયા પગલાં લેવાયા? NEET સુધારા અંગે સુપ્રીમ કોર્ટે NTA પાસેથી જવાબ માંગ્યો

નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે બુધવારે NEET પરીક્ષા વ્યવસ્થામાં સુધારા માટે અત્યાર સુધી લેવામાં આવેલા પગલાં અંગે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) પાસેથી માહિતી માંગી હતી. જસ્ટિસ પી.એસ. નરસિંહા અને જસ્ટિસ આલોક આરાધેની બેન્ચે ખાસ કરીને રાધાકૃષ્ણન સમિતિ તથા નંદન નીલેકણીની આગેવાની હેઠળના ટાસ્ક ફોર્સની ભલામણોના અમલ અંગે જવાબ માંગ્યો છે. કોર્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતાને આ મામલે નવું સોગંદનામું દાખલ કરવા નિર્દેશ આપ્યો છે.



સોગંદનામું ત્રણ સપ્તાહમાં રજૂ કરવાનું રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે NEETમાં કરવામાં આવતા સુધારા માત્ર કાગળ પર ન રહે, પરંતુ કાયમી સિસ્ટમનો ભાગ બનવા જોઈએ. રાધાકૃષ્ણન સમિતિએ પરીક્ષા વ્યવસ્થાની સમસ્યાઓને પ્રણાલીગત સમસ્યા તરીકે ઓળખી હોવાનું પણ કોર્ટે નોંધ્યું હતું. સુનાવણી દરમિયાન સરકાર તરફથી NEET પ્રશ્નપત્રની તૈયારીથી લઈને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા સુધીની સુરક્ષા વ્યવસ્થા અંગે માહિતી આપવામાં આવી હતી. સરકારના જણાવ્યા મુજબ, વિવિધ નિષ્ણાતો દ્વારા પ્રશ્નબેંક તૈયાર કરવામાં આવે છે.

# પીએમ મોદીના ૨૫ વર્ષના જાહેર જીવનની ઉજવણી માટે ભાજપની તૈયારી

નવી દિલ્હી, તા.૧૯



વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૭ ઓક્ટોબરે જાહેર જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ કરશે. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારથી તેઓ મુખ્યમંત્રી અને બાદમાં વડાપ્રધાન તરીકે દેશની સેવા કરી રહ્યા છે. આ પ્રસંગને યાદગાર બનાવવા ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશભરમાં 'સેવા સંકલ્પ મહોત્સવ' યોજવાની તૈયારી કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, આ મહોત્સવ અંતર્ગત આશરે ૧૫ દિવસ સુધી દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. તેમાં સ્વચ્છતા અભિયાન, રક્તદાન શિબિરો, વૃક્ષારોપણ અને આરોગ્ય શિબિરોનો સમાવેશ થશે. 'નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષ' થીમ આધારિત ડિજિટલ અને ફોટો પ્રદર્શનો પણ યોજાશે. આ ઉપરાંત સુશાસન, વિકાસ અને અંત્યોદય જેવા વિષયો પર બૌધ્ધિક પરિષદો યોજવામાં આવશે. યુવાનો તેમજ સમાજના વિવિધ વર્ગો સાથે સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અંગે લોકોને માહિતી મળે તે માટે વિશેષ શિબિરો પણ યોજાશે. સેવા સંકલ્પ મહોત્સવની સમગ્ર જવાબદારી ભાજપના નેતા વિનોદ તાવડેને સોંપવામાં આવી હોવાનું જાણવા મળે છે. દરેક રાજ્યમાં સાત સભ્યોની ટીમ અભિયાનનું સંચાલન કરશે. તેમાં રાજ્ય સરકારના એક મંત્રી, સંગઠનના એક મહાસચિવ અને પાંચ અન્ય નેતાઓનો સમાવેશ થશે. નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. તેમણે ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને જીત અપાવી હતી.









# અમરેલીના નીલકંઠ જવેલર્સ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી

**તિરંગાની થીમથી શણગારાયેલા શોરૂમમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને દિવ્યાંગ બાળકોની હાજરી**

અમરેલી,તા.૧૯

અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ૧ ૩થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર શહેરમાં દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. આ રાષ્ટ્રીય ઉત્સાહ વચ્ચે દર વર્ષની પરંપરા મુજબ અમરેલીના લોકપ્રિય નીલકંઠ જવેલર્સ ખાતે પણ ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય અને દેશભક્તિસભર ઉજવણી કરવામાં આવી હતી.આ નિમિત્તે સમગ્ર શોરૂમને તિરંગાની થીમ, રંગબેરંગી ફુગ્ગાઓ, આકર્ષક પુષ્પો, રાષ્ટ્રપ્રેમના પોસ્ટરો તથા ભવ્ય પ્રવેશદ્વારથી શણગારવામાં આવ્યો હતો. શોરૂમ પરિસરમાં તિરંગાની છટા અને દેશભક્તિના ગીતો સાથે ઉત્સાહપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું





હતું. આ ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં અમરેલીના વિવિધ સેવાભાવી અને સામાજિક સંગઠનોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ ક્લબ અમરેલી, રોટરી ક્લબ અમરેલી, લાયન્સ મેઈન, શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ, રોટરી ગીર અમરેલીના પ્રમુખ તથા સભ્યો અને કલાપી ગ્રુપ ઓફ લાઠીના આગેવાનો સહિત વેપારી મહામંડળના આગેવાનો, નગરપાલિકાના સભ્યો, શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા રાજકીય અગ્રણીઓએ હાજરી આપી હતી.આ ઉપરાંત દિનેશભાઈ ભુવા તથા શીતલ આઈસ્ક્રીમ પરિવારના સભ્યો અને અમરેલીના જાણીતા તબીબો પણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં મૂકબધિર શાળાના દિવ્યાંગ બાળકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું આઈસ્ક્રીમ દ્વારા મોં મીઠું કરાવી સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. મહેમાનોને તિરંગા લેપન પિન અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાયકલ રેલી પૂર્ણ કરીને હનુમાન સાયકલ રાઈડર્સ ગ્રુપના વિશાલભાઈ, રઘુભાઈ, વિરેનભાઈ સહિતના સભ્યો પણ નીલકંઠ જવેલર્સ ખાતે પહોંચ્યા હતા. આ પ્રસંગે તેમને ચંદ્રકો અને સ્મૃતિભેટ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે નીલકંઠ જવેલર્સના માલિક કંદર્પભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું કે, આઝાદી માત્ર ઉજવણીનો દિવસ નથી, પરંતુ દેશ પ્રત્યે સમર્પિત થવાની પવિત્ર પ્રેરણા છે. દરેકના હૃદયમાં રાષ્ટ્રભક્તિની જ્યોત સદાય પ્રજ્વલિત રહે અને સૌ સાથે મળીને દેશના વિકાસ તથા પ્રગતિ માટે પ્રતિબધ્ધ બને તેવા સંદેશ સાથે આ આયોજન કરવામાં આવ્યું હતું.

# બાબરાના મોટા દેવળીયા ગામેથી ૬ જુગારી રોકડા ૧૭,૦૫૦ સાથે ઝડપાયા

**પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગૂનો નોંધ્યો**

બાબરા, તા.૧૯

બાબરાના મોટા દેવળીયા ગામેથી ૬ જુગારી રોકડા ૧૭,૦૫૦ સાથે ઝડપાયા હતા. અવેશભાઈ સતારભાઈ ઘાંચી, જયરાજભાઈ ગભરૂભાઈ ધાંધલ, પ્રવિણભાઈ કિશનભાઈ ગોંડલીયા, મહેશભાઈ શામજીભાઈ મકવાણા, ઉનડભાઈ લખુભાઈ બસીયા તથા મનુભાઈ ઓધવજીભાઈ સાનેપરા જાહેરમાં તીનપત્તીનો હારજીતનો પૈસા તથા પાના વડે જાહેરમાં જુગાર રમતાં રોકડા રૂ.૧૭,૦૫૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન ઝડપાયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એમ ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના કોવાયા ગામે મૈત્રી કરારના મનદુઃખમાં જાનથી મારવાની ધમકી

**મોટરસાયકલમાં પણ તોડફોડ કરી**

રાજુલા, તા. ૧૯

રાજુલાના કોવાયા ગામે મૈત્રી કરારના મનદુઃખમાં જાનથી મારવાની ધમકી આપીને મોટરસાયકલમાં તોડફોડ કરવામાં આવી હતી. આ અંગે આતુ ઉર્ફે રીણાભાઈ સાવજભાઈ લાખણોત્રા (ઉં.વ.૨૬) એ કનુભાઈ માણસુરભાઈ લાખણોત્રા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, આરોપીની ભાણેજ સાથે ફરિયાદીના ભાઈએ આશરે પંદર દિવસ પહેલાં મૈત્રી કરાર કર્યો હતો. જેનું મનદુઃખ રાખીને આરોપીએ તેમની ફોર-વ્હીલ કાર ફરિયાદીની મોટરસાયકલ પાછળ અથડાવી હતી. ત્યારબાદ આરોપીએ કારમાંથી નીચે ઊતરી, પોતાની પાસે રહેલ લોખંડનો પાઈપ મારવા જતાં ફરિયાદીએ હાથ આડો કર્યો હતો. જેથી લોખંડનો પાઈપ ડાબા હાથ પર વાગતાં મૂંઢ ઈજા થઈ હતી. આરોપીએ ગાળો આપી, ફરિયાદી તથા તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને મોટરસાયકલમાં તોડફોડ કરી આશરે રૂ. ૮,૦૦૦નું નુકસાન પહોંચાડ્યું હતું. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈએચ. એલ. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ચિતલમાંથી વેપારીની મોટર સાઈકલ ધોળા દિવસે ચોરાઈ

**અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.જી. ગોહીલે વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૧૯

ચિતલમાંથી વેપાની બાઈક ભરબપોરે ચોરાઈ હતી. આ અંગે પ્રકાશભાઈ અરવિંદભાઈ ચૌહાણ (ઉ.વ.૩૯)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની રૂ. ૨૨,૦૦૦ની કિંમતની બાઈક ખોડીયારનગરમાં આવેલી તેમની દુકાન બહાર પાર્ક કરી હતી. બપોરેના બારેક વાગ્યાથી સાડા બાર વાગ્યા દરમિયાન અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે જી ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના કડીયાળી ગામે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

અમરેલી,તા.૧૯

અમરેલી LCB ટીમે રાજુલાના કડીયાળી ગામમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી પાડોશી આરોપીને ઝડપી લીધો છે. બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે શંકાસ્પદ સંજય ઉર્ફે સુનીલ ધનજી ખસિયાને તાંબા, પિત્તળ અને કાંસાના વાસણો સાથે ઝડપી લેવાયો હતો. પૂછપરછમાં તેણે નજીકમાં રહેતા દિનેશ કાના ધાખડાના મકાનમાં આશરે ૨૦ દિવસ અગાઉ રાત્રે એક વાગ્યાના અરસામાં ચોરી કર્યાની કબૂલાત કરી હતી. આરોપીએ દિવાલ કૂદી મકાનમાં પ્રવેશ કરી રૂમના દરવાજાનું તાળું તોડી વાસણોની ચોરી કરી હતી. LCBએ કુલ રૂ.૧૫,૨૪૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આથી પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વણશોધાયેલ ઘરફોડ ચોરીનો ગુનો ડિટેક્ટ થયો છે. આરોપી સામે રાજુલા તથા જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં અગાઉના ગુનાઓ નોંધાયેલા હોવાનું પણ સામે આવ્યું છે.



# અમરેલીમાં આવતીકાલે રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે વૃક્ષારોપણ

અમરેલી,તા.૧૯

ગુજરાત સરકારના વન વિભાગ અંતર્ગત સામાજિક વનીકરણ વિભાગ, અમરેલી દ્વારા તા. ૨૧.૦૮.૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે અમરેલી સ્થિત વિદ્યાસભા સંકુલ ખાતે ૭૭મા જિલ્લા કક્ષાના વન મહોત્સવ-૨૦૨૬ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે આ મહોત્સવ "એક પેડ મા કે નામ ૩.૦" ના મંત્ર સાથે યોજાશે. આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહીને ગ્રીન ગુજરાતના સંકલ્પને વેગ આપશે. આ ઉજવણીમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવાડીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા સહિત જિલ્લાના ધારાસભ્યો સહભાગી બનશે અને વૃક્ષારોપણ કરવામાં આવશે. પર્યાવરણ જાગૃતિ અર્થે "વૃક્ષરથ" ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવશે. સામાજિક વનીકરણ વિભાગ દ્વારા અમરેલીના તમામ પ્રકૃતિપ્રેમી નાગરિકોને આ હરિત ઉત્સવમાં સહભાગી થવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.












**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૧૭૪/૨૦૨૬

અરજદારશ્રી :- પરમાર બાવભાઈ બાબુભાઈ
સરનામું :- રે.લુણસાપુર તા. જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-લુણસાપુર
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામના શ્રી પરમાર બાવભાઈ બાબુભાઈ એ તેમના પુત્રી નામે જયાબેન બાવભાઈ પરમાર નો જન્મ તા.૦૬/૦૭/૨૦૦૮ તથા પુત્રી નામે તેજલબેન બાવભાઈ પરમાર નો જન્મ તા.૦૧/૦૬/૨૦૧૫ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં.૨૦૪/૨૦૨૬

અરજદારશ્રી :- પરમાર રણછોડભાઈ વરજાંગભાઈ
સરનામું :- રે.વડલી તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-વડલી
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વડલી ગામના શ્રી પરમાર રણછોડભાઈ વરજાંગભાઈ એ તેમના પુત્રી નામે શ્રી મંજુબેન રણછોડભાઈ પરમાર નો તા.૦૧/૦૬/૧૯૮૧ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં.૨૦૫/૨૦૨૬

અરજદારશ્રી :- સરવૈયા મસરીભાઈ રાણાભાઈ
સરનામું :- રે.વડલી તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-વડલી
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વડલી ગામના શ્રી સરવૈયા મસરીભાઈ રાણાભાઈ એ તેમના પુત્ર નામે શ્રી વિનોદભાઈ મસરીભાઈ સરવૈયા નો તા.૧૨/૦૨/૧૯૮૩ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં.૧૯૯/૨૦૨૬

અરજદારશ્રી :- ભુપતસિંહ બચુભા સરવૈયા
સરનામું :- રે.વડલી તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-વડલી
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વડલી ગામના શ્રી ભુપતસિંહ બચુભા સરવૈયા એ તેમના પુત્ર નામે શ્રી હરપાલસિંહ ભુપતસિંહ સરવૈયા નો તા.૨૮/૦૩/૨૦૦૭ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# અમરેલી જિલ્લામાં ત્રણ સ્થળેથી ૩૬ જુગારી ઝડપાયા

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં પોલીસે ૩ સ્થળેથી ૩૬ જુગારીને ઝડપી પાડ્યા હતા. ત્રણેય સ્થળેથી મળીને રૂ. ૮.૨૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જાફરાબાદમાં ૧૫ ઈસમો પોતાના આર્થિક ફાયદા સારૂ જુગારનો અડ્ડો ચલાવતા હતા. તેઓ બહારથી માણસો બોલાવી તેઓની ચા-પાણી નાસ્તાની વ્યવસ્થા કરી આપતા હતા. નાળના પૈસા ઉઘરાવી, પાના પત્તા વડે હારજીતનો અંદર બહારનો જન્નાનો નસીબ આધારીત જાહેરમાં જુગાર રમી રમડતા હતા. તેમની અંગ-ઝડતી તથા પટમાંથી મળી કુલ રોકડ રૂ.૧,૬૧,૬૦૦, મોબાઈલ ફોન નંગ–૧૩, મોટર સાયકલ નંગ–૦૩, પ્લાસ્ટીકની મિણયુ નંગ-૦૨, ચટાઈ નંગ-૦૧ તથા ગોદડુ નંગ-૦૧ મળી કુલ કિં.રૂ.૩,૨૮,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જુગારના બીજા બનાવમાં મોટી કુંકાવાવમાંથી છ ઈસમો મનુભાઈ બોરડની વાડીની ઓરડી પાસે જાહેરમાં પૈસા તથા ગંજીપતાના પાના વડે તીનપત્તીનો હાર જીતનો જુગાર રમતાં રોકડા રૂા.૩૮,૮૦૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. જ્યારે જુગારના ત્રીજા બનાવમાં દાતરડી ગામની સીમમાં લાલભાઈ આહીરની વાડીના શેઢા પાસે ખુલ્લામાંથી જુગાર રમતાં ૧૫ ઈસમો રેઈડ દરમ્યાન રોકડ રૂ.૨,૭૨,૫૩૦ તથા મોબાઈલ ફોન નંગ-૧૪ મળી કુલ કિ.રૂ.૪,૫૭,૫૩૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. પોલીસે ત્રણેય સ્થળેથી મળીને ૮,૨૪,૯૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

**અમરેલીમાંથી બે મહિલાઓ તીનપત્તી ટીચતાં ઝડપાઈ**

અમરેલીમાં બે મહિલા તથા બે પુરૂષ એમ કુલ ચાર ઈસમો અબ્દુલ્લાભાઈ ઉર્ફે રાજુ કાદરભાઈ કુરેશીના રહેણાંક મકાનની અંદર રૂમમા ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો નામનો હાર જીતનો જુગાર રમી રમાડી જુગારનો અડ્ડો ચલાવી નાળ ઉઘરાવી રોકડ રકમ રૂ.૩૨૭૦નાં મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાયા હતા.

# અમરેલી ખેતી વિકાસ બેંકના ડિરેક્ટર તરીકે શંભુભાઈ દેસાઈ ચૂંટાયા

અમરેલી,તા.૧૯



ધ ગુજરાત સ્ટેટ કો. ઓ. એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલમેન્ટ બેન્ક લી. (ખેતીબેંક)ના ડિરેક્ટરોની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. ચૂંટણીને લઈને ઉમેદવારો અને મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મતદાન મથકો પર સવારથી જ મતદારોની અવરજવર જોવા મળી હતી. ચૂંટણી અધિકારીઓ દ્વારા મતદાનની સમગ્ર પ્રક્રિયા નિયમો મુજબ હાથ ધરવામાં આવી હતી. જેમા જિલ્લા ડિરેક્ટર તરીકે શંભુભાઈ દેસાઈની ૭૪ મતોથી જીત થઈ હતી. જયારે તાલુકા પેનલમાં પણ શંભુભાઈ દેસાઈ વિજેતા થયા છે જ્યારે તાલુકા પેનલમાં અન્ય બે ઉમેદવારો પ્રતાપભાઈ કાછડીયા અને કિશોરભાઈ કાનપરીયા ચૂંટાઈ આવ્યા છે.

# ત્રંબોડા ગામે મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક-કમ-કુકની ભરતી

અમરેલી,તા.૧૯

બાબરા તાલુકાના ત્રંબોડા ગામે આવેલી ત્રંબોડા પ્રાથમિક શાળાના પી.એમ. પોષણ (મધ્યાહન ભોજન) કેન્દ્રમાં સંચાલક-કમ-કુકની આવશ્યકતા ઉભી થઈ છે. આ જગ્યાએ પસંદગી પામનાર ઉમેદવારને માનદ વેતન ચૂકવવામાં આવશે. પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન બાબરા તાલુકા મામલતદાર કચેરીની રજિસ્ટ્રી શાખામાં તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બપોરે ૨ વાગ્યા સુધીમાં અરજી કરવાની રહેશે. ભરતી અંગેની વધુ માહિતી માટે ઉમેદવારોએ પી.એમ. પોષણ (મધ્યાહન ભોજન) મામલતદાર કચેરી, બાબરાનો સંપર્ક કરવા જણાવાયું છે. આ અંગે મામલતદાર, બાબરા દ્વારા યાદીમાં જાણ કરવામાં આવી છે.

# રક્ષા શક્તિ સ્કૂલ-જીરા ખાતે ૧૫મી ઓગસ્ટની ભવ્ય ઉજવણી કરાઈ

અમરેલી,તા.૧૯

ગાયત્રી સંસ્કાર ધામ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રક્ષા શક્તિ સ્કૂલ-જીરા ખાતે ૧૫મી ઓગસ્ટની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

દીપ પ્રાગટ્ય બાદ ભારત ભૂષણ મહેશભાઈ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રગાન સાથે સૌએ



રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ભારત માતા કી જય અને વંદે માતરમના નારા સમગ્ર પરિસરમાં ગુંજી ઉઠ્યા હતા. બાળકો દ્વારા દેશભક્તિ ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ નૃત્યો અને પ્રવચનો રજૂ કરવામાં આવ્યા હતા. બાળકો દ્વારા શિસ્તબધ્ધ પરેડ પણ યોજાઈ હતી. ત્યારબાદ ભવ્ય તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. બાળકોના ઉત્સાહથી સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# અમરેલી જિલ્લામાંથી ૯ શરાબી ઝડપાયા

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૯ લોકોને પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા ઝડપી લીધા હતા.

શિયાળબેટ ગામેથી બે લીટર તથા ડુંગરથી ડોળીયા ગામ જવાના રસ્તે વળાંક પાસેથી બે લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો.

# લાઠીના ધામેલ ગામના તળાવમાં ડૂબી જવાથી યુવકનું મોત

લાઠી, તા.૧૯

લાઠીના ધામેલ ગામના તળાવમાં ડૂબી જવાથી એક યુવકનું મોત થયું હતું. બનાવ અંગે પ્રવિણભાઈ તોગાભાઈ ડાંભલા (ઉં.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, કરણાભાઈ દેહુરભાઈ ડાંભલા (ઉં.વ.૩૨) ધામેલ ગામના તળાવના કાંઠે ગાયો-માલઢોર ચરાવતી વખતે તળાવમાં પાણી પીવા કે અન્ય કોઈ કામે અકસ્માતે પગ લપસી જતાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા.

# રૂ. ૮૦ લાખ ઓળવી જઈ અન્યને દસ્તાવેજ કરી આપનાર સામે છેતરપિંડીની ફરિયાદ

જાફરાબાદ, તા. ૧૯

જાફરાબાદના હેમાળ ગામની સીમમાં કરોડો રૂપિયાની કિંમતી જમીનનો સોદો કરી ખરીદનાર પાસેથી રૂ. ૮૦ લાખ મેળવી લીધા બાદ જમીનનો દસ્તાવેજ કરી આપવાને બદલે અન્ય વ્યક્તિને જમીન વેચી નાખી છેતરપિંડી કર્યાનો મામલો સામે આવ્યો છે. આ અંગે હેમાળ ગામના સોંડાભાઈ વાલાભાઈ શિયાળે મનજીભાઈ પરમાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ આરોપીએ પોતાની જમીનનો પાકો દસ્તાવેજ કરી આપવાની ખાતરી આપી હતી અને સોદા પેટે રૂ. ૮૦ લાખ લીધા હતા. બાદમાં જમીનના બે ભાગ કરી કમળાબેન નટુભાઈ ખુમાણને રૂ. ૧૫ લાખમાં વેચી દસ્તાવેજ પણ કરી આપ્યા હતા. ફરિયાદીની જાણ બહાર આ

**જાફરાબાદના હેમાળ ગામની ઘટના**

વ્યવહાર કરાયો હોવાનો આક્ષેપ છે. નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. આર. ગળચર વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં સંત રવિદાસજી મહારાજની જન્મજયંતીએ કળશ યાત્રા

લાઠી,તા.૧૯




લાઠીમાં સંત શિરોમણી રવિદાસજી મહારાજની ૬૫૦મી જન્મજયંતી નિમિત્તે ભવ્ય કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રાનો પ્રારંભ લાઠીના સ્વામિનારાયણ મંદિરથી પવિત્ર માટીના કળશ સાથે કરવામાં આવ્યો હતો. કળશમાં કાશી સ્થિત સંત રવિદાસજી મહારાજના જન્મસ્થળ ગોવર્ધનપુરની પવિત્ર માટી લાવવામાં આવી હતી અને તેનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, શહેર ભાજપના ધર્મેશભાઈ સોની, શહેર મહામંત્રી પ્રકાશભાઈ મેર, શહેર પ્રભારી ઘનશ્યામભાઈ સાવલિયા, નગરપાલિકા પ્રમુખ, ચેરમેન કિસાન મોરચાના જિલ્લા આગેવાન તેમજ માર્કેટિંગ યાર્ડના ચેરમેન દકુભાઈ પડસાલા સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.















**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં.૧૫૬/૨૦૨૬

અરજદારશ્રી :- શિયાળ મનસુખભાઈ પુનાભાઈ
સરનામું :- રે.શિયાળબેટ તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-શિયાળબેટ
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના શ્રી શિયાળ મનસુખભાઈ પુનાભાઈ એ તેમના પુત્ર નામે મયુરભાઈ મનસુખભાઈ શિયાળ નો જન્મ તા.૩૦/૦૮/૨૦૦૯ તથા પુત્ર નામે પ્રભાતભાઈ મનસુખભાઈ શિયાળ નો જન્મ તા.૦૩/૦૧/૨૦૧૪ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.બી.પઢીયાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૧૫૮/૨૦૨૬

અરજદારશ્રી :- રવજીભાઈ પુનાભાઈ શિયાળ
સરનામું :- રે.શિયાળબેટ તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-શિયાળબેટ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના શ્રી રવજીભાઈ પુનાભાઈ શિયાળ એ તેમના પૂત્ર નામે કિશનભાઈ રવજીભાઈ શિયાળ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૭ તથા પુત્રી નામે કાશ્મીરાબેન રવજીભાઈ શિયાળ નો જન્મ તા.૧૪/૦૨/૨૦૦૮ તથા પુત્રી નામે વંદનાબેન રવજીભાઈ શિયાળ નો જન્મ તા.૦૩/૧૨/૨૦૧૦ તથા પુત્ર નામે વિશાલભાઈ રવજીભાઈ શિયાળ નો જન્મ તા.૨૦/૦૮/૨૦૧૪ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.બી.પઢીયાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં.૧૭૮/૨૦૨૬

અરજદારશ્રી :- ગુજજર કરશનભાઈ બાલુભાઈ
સરનામું :- રે.મોટામાણસા તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-મોટામાણસા
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના મોટામાણસા ગામના શ્રી ગુજજર કરશનભાઈ બાલુભાઈ એ તેમના માતા નામે શ્રી ગંગાબેન બાલુભાઈ ગુજજર નું તા.૨૧/૦૪/૨૦૨૧ નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૭/૦૮/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# વિદ્યાર્થીઓના ખોરાકમાં જંકફૂડના પ્રતિબંધ સાથે ખાંડ-મીઠાના પણ માપદંડ નક્કી કરવા પૂર્વ કેબિનેટ મંત્રીની માગણી

અમરેલી,તા.૧૯



અમરેલી જિલ્લાના પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને દેશની શાળાઓમાં બાળકોને અપાતા ભોજન અને તેમના આરોગ્ય બાબતે ચિંતા વ્યક્ત કરી ને તેમાં ફેરફાર કરવાની માંગણી કરી છે. તેમણે પત્રમાં જમાવ્યું હતું કે, વિશ્વના મોટાભાગના દેશો બાળકોના જંકફૂડ પર પ્રતિબંધ લાદી રહ્યા છે ત્યારે આ બાબતે ભારતે પણ વિચારવું જરૂરી છે. બાળકોના ભોજન માટેની નવી નીતિ બનાવતા પહેલા જાપાનની સ્કૂલોમાં બાળકો માટેની નીતિનો અભ્યાસ કરવો જરૂરી છે સાથે ભારતમાં હાલ ચાર કરોડ બાળકો મેદસ્વીતાનો ભોગ બન્યા છે, ૬થી ૧૬ વર્ષના ૧૦% બાળકો પ્રિડાયાબીટીશનો શિકાર બન્યા છે, ૧૫થી ૧૯ વર્ષના ૨૩% કિશોરોમાં આ ડાયાબીટીશનુ પ્રમાણ જોવા મળી રહ્યું છે. ૧૮ વર્ષથી ઉપરના ૭.૭૦ કરોડ લોકોમાં ટાઈપ ટુ ડાયાબીટીશ જોવા મળ્યો છે ત્યારે શાળાના બાળકો માટે જયારે નવી ખોરાક નીતિ બનાવવામાં આવે ત્યારે તેમાં જંકફૂડના પ્રતિબંધ સાથે ખાંડ અને મીઠાનું પ્રમાણ પણ નક્કી કરવામાં આવે તે ખુબ જરૂરી છે, જેથી મેદસ્વીતા અને ડાયાબીટીશને વધતા અટકાવી શકાય. તેમણે આ પત્ર કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાને પણ લખીને ચિંતા વ્યક્ત કરી છે.

# અમરેલી ગજેરા સંકુલમાં બાળકોને કાયદાઓ અંગે સમજણ અપાઈ

અમરેલી,તા.૧૯



અમરેલી જિલ્લામાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબહેન ગજજરે વિવિધ બાળ સંસ્થાઓની મુલાકાત લીધી હતી. વિદ્યાસભા ગજેરા સંકુલ ખાતે 'નશામુક્ત ભારત' કાર્યક્રમમાં હાજરી આપી બાળકો સાથે સંવાદ કર્યો અને બાળ અધિકારો તથા કાયદાઓ અંગે સમજણ આપી હતી. તેમણે ગર્લ્સ-બોયઝ હોસ્ટેલ અને રસોઈઘરનું પણ નિરીક્ષણ કર્યુ હતું. પ્રતાપપરા સરકારી ચિલ્ડ્રન હોમ તેમજ મહિલા વિકાસ મંડળ સંચાલિત બાળ સંભાળ ગૃહની મુલાકાત લઈ બાળકો સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત બહેરા-મૂંગા શાળા અને સિવિલ હોસ્પિટલના સખી વન સ્ટોપ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. સંસ્થાઓની કામગીરી, સ્વચ્છતા અને સુવિધાઓનું નિરીક્ષણ કરી બાળકોની સુરક્ષા અને સર્વાંગી વિકાસ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# સાવરકુંડલાના રામગઢ ગામેથી પિસ્તોલ, દેશી તમંચો અને દારૂનો જથ્થો ઝડપાયો

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના રામગઢ ગામેથી પિસ્તોલ, દેશી તમંચો અને દારૂનો જથ્થો ઝડપાયો હતો. કુલદિપભાઈ ચંપુભાઈ ખુમાણના રહેણાંક મકાને ગેરકાયદેસર વગર પાસ પરમીટે અગ્નિશસ્ત્ર હથિયારો એક પિસ્તોલ કિં.રૂ.૨૫,૦૦૦, એક દેશી હાથ બનાવટનો તમંચો કિં.રૂ.૫૦૦૦, બાર બોર ગનના જીવતા કાર્ટીસો નંગ-૦૩ કિં.રૂ.૬૦૦, ભારતીય બનાવટના પરપ્રાંતીય દારૂના ચપટાઓ નંગ ૯૦ કિં.રૂ.૧૨,૬૦૦ મળી કુલ કિં.રૂ.૪૩,૨૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જ્યારે આરોપી નાસી ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એન એસ મુસાર વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો

અમરેલી,તા.૧૯



સાવરકુંડલાના લોહાણા મહાજન વાડી ખાતે લોહાણા મહાજન ટ્રસ્ટના ઉપક્રમે 'તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ-૨૦૨૬' યોજાયો હતો. શૈક્ષણિક ક્ષેત્રે સિધ્ધિ મેળવનાર રઘુવંશી સમાજના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જલારામ મંદિરના રમૂદાદાએ મંગલ આશીર્વચન પાઠવ્યા હતા. પ્રમુખ જગદીશભાઈ નરશીદાસ માધવાણીએ અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું. કાર્યક્રમમાં ચંદ્રેશભાઈ રવાણી, રાજુભાઈ શીંગાળા, ભરતભાઈ પોપટ સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડી.વાય.એસ.પી. વિસ્મય માનસેતા અને વિરલ ચંદન સહિત અધિકારીઓએ પણ હાજરી આપી હતી. વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. અંતે સન્માનિત વિદ્યાર્થીઓ અને સમાજજનો માટે સ્વરૂચિ ભોજનનું આયોજન કરાયું હતું. સમાજના લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સાવરકુંડલામાં એસટીએ વકીલની કારને ટક્કર મારી

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલામાં અમરેલી રોડે ઈલોરા નામની દુકાન સામે રોડ ઉપર એસટીએ વકીલની કારને ટક્કર મારી હતી. રસિકભાઈ વશરામભાઈ વેગડા (ઉ.વ.૪૮)એ જયદીપભાઈ રામકુભાઈ વિંછીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા તેના સસરા અને તેમની દિકરી કાર લઈને અમરેલી જતા હતા તે દરમ્યાન સાવરકુંડલા નાવલી નદીમાં ઈલોરા નામની દુકાન સામે રોડ ઉપર જાફરાબાદ–અમરેલી રૂટની એસ.ટી. બસના ચાલકે તેના હવાલાની બસ બેદરકારી ભરી તથા ગફલતભરી રીતે ચલાવી ફોરવ્હીલના પાછળના ભાગે ભટકાવી નુકસાન કર્યું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પત્ની સાથે આડાસંબંધની શંકા રાખી યુવકને છરી બતાવી આતંક મચાવ્યો

**જાનથી મારી નાખવાની ધમકી આપી**

અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરમાં પત્ની સાથે આડાસંબંધ હોવાની ખોટી શંકાના આધારે એક યુવકને ફોન પર ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા બાદ, રસ્તા વચ્ચે કારમાંથી છરી બતાવી આતંક મચાવવાની ઘટના સામે આવી છે. આ અંગે અકરમભાઈ રફિકભાઈ કાલવા (ઉ.વ.૨૬) એ મહેબુબ મહમદભાઈ ભાડુલા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેની પત્ની સાથે ફરિયાદીના સંબંધ હોવાની ખોટી શંકા રાખી હતી. આ બાબતે આરોપીએ બે દિવસ પહેલાં તેમને ફોન કર્યો હતો અને બેફામ ગાળો આપી 'તને જાનથી મારી નાખીશ' તેવી ગંભીર ધમકી આપી હતી, જેથી તેઓ આ બાબતે સ્થાનિક પોલીસ મથકે અરજી આપવા ગયા હતા. પોલીસ સ્ટેશને અરજી આપીને જ્યારે તેઓ તેમના સાથીદારો સાથે પરત ફરી રહ્યા હતા, ત્યારે અમરેલીના રાજમહેલ પાસે રોડ પર આરોપી સફેદ રંગની કાર લઈને ધસી આવ્યો હતો. આરોપીએ કાર ઊભી રાખી, અંદર બેઠા બેઠા જ તેમને તથા તેમની સાથે રહેલા સાથીદારોને જાહેરમાં જેમ ફાવે તેમ ગાળો આપી હતી. એટલું જ નહીં, આરોપીએ કારમાંથી જ ખુલ્લી છરી કાઢી બતાવી 'તને પૂરો કરી નાખવો છે' તેવી ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધનજીભાઈ ખોડાભાઈ પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજનું F.Y.B.A. સેમ-૧ નું પરિણામ ૯૦% જાહેર થયું

અમરેલી,તા.૧૯



અમરેલી સ્થિત મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજનું જાન્યુઆરી-૨૦૨૪માં લેવાયેલ એફ.વાય.બી.એ. (સેમ-૦૧) (NEP) ની પરીક્ષાનું પરિણામ ૯૦.૦૦% જાહેર થયું છે, જે કૉલેજ માટે ગૌરવની બાબત છે. આ પરિણામમાં કૉલેજની વિદ્યાર્થીનીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને ઉચ્ચ ગુણ સાથે સફળતા પ્રાપ્ત કરી છે. પરીક્ષાના પરિણામમાં મુખ્ય ગુજરાતી વિષય સાથે ભેડા લક્ષિતા આર. (૮૧.૪૫%) અને મુખ્ય સમાજશાસ્ત્ર વિષય સાથે વાનાણી પ્રિયાંશી બી. (૮૧.૪૫%) સંયુક્ત રીતે કૉલેજમાં પ્રથમ ક્રમે રહ્યા છે. જ્યારે મુખ્ય સમાજશાસ્ત્ર સાથે સૈયદ રાબિયા એમ. (૮૦.૧૮%) દ્વિતીય ક્રમે તેમજ મુખ્ય સંસ્કૃત વિષય સાથે ગજેરા પૂર્વિશા એમ. (૮૦.૦૦%) અને કસોટીયા અભિષા એમ. (૮૦.૦૦%) સંયુક્ત રીતે તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયા છે. આ ઉત્કૃષ્ટ પરિણામ બદલ અને કૉલેજનું ગૌરવ વધારવા માટે વિદ્યાસભાના પદાધિકારીઓએ તમામ વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: આઠમ
તા.૨૦-૦૮-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૫૨,
સૂર્યાસ્ત-૦૬:૫૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

**તા.૨૦-૦૮-૨૦૨૬ ગુરુવાર**

મેષ: હવે તેને ફેંકી દેવાનો અને આગળ વધવાનો સમય છે. તમારી મહેનત પ્રમાણે તમને શુભ ફળ મળશે. ભાગ્ય તમારા પક્ષમાં છે. તમારી ઉર્જાનો ભરપૂર ઉપયોગ કરો.

વૃષભ: દિવસની શરૂઆતમાં તમારા મહત્વપૂર્ણ કામ માટે યોજના બનાવો. બપોરનો સમય તમારા પક્ષમાં ખૂબ જ અનુકૂળ હોવાથી તમારું કામ જાતે જ થવા લાગશે.

મિથુન: તમારી અંદર છુપાયેલી પ્રતિભાને ઓળખો અને તેનો ઉપયોગ કરો. વર્તમાન ગ્રહોની સ્થિતિ તમને અદ્ભુત શક્તિ પ્રદાન કરી શકે છે.

કર્ક: વિદ્યાર્થીઓ સ્પર્ધા સંબંધિત કાર્યોમાં સફળ થવાની સંભાવના વધારે છે. તમારી ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરો. બપોર પછી વધુ લાભદાયક સ્થિતિ બની શકે છે.

સિંહ: ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. તમે તમારી મહેનત પ્રમાણે યોગ્ય પરિણામ મેળવી શકશો. તમારી ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરો.

કન્યા: મોટાભાગના ગ્રહો તમને ઘણું બધું આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમારી અંદર અદ્ભુત આત્મવિશ્વાસ અનુભવો. સાથે જ તમારી કાર્યક્ષમતામાં પણ વધારો થશે.

તુલા: આજનો દિવસ બહાર જવા અને કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. મન પ્રમાણે ફળ મળવાથી મનમાં પ્રસન્નતા આવશે અને આવકનું સાધન બની શકે છે.

વૃશ્ચિક: તમે તમારી દિનચર્યામાં જે પ્રકારનું પરિવર્તન લાવવાનો પ્રયાસ કરી રહ્યા છો તે તમારા માટે સકારાત્મક અને ફાયદાકારક સાબિત થશે.

ધનુ: આજે ઘરના કેટલાક નવીનીકરણ અને સજાવટને લઈને થોડી ચર્ચા થશે. પરિવારના સભ્યોમાં ઉત્સાહનું વાતાવરણ રહેશે. કોઈપણ કામ કરતા પહેલા બજેટ બનાવો.

મકર: આજે તમારી પાસે કેટલીક નવી જવાબદારીઓ અને વધુ કામનો બોજ હશે, તેથી આરામ અને આનંદ પર ધ્યાન કેન્દ્રિત કર્યા વિના તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો.

કુંભ: સંતાન તરફથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળવાથી રાહત મળશે. તમે તમારા અંગત કાર્યો પર તમારું ધ્યાન કેન્દ્રિત કરી શકશો.

મીન: વડીલોના આશીર્વાદ અને સહકારથી તમારું ભાગ્ય વધશે. તેમનું માન-સન્માન જાળવી રાખો. ધાર્મિક કાર્ય સાથે જોડાયેલી પૂજા ઘરમાં પૂર્ણ થઈ શકે છે.

# ખાતરની ચોરી કરી બદનામ કર્યો હોવાનું કહી બે ઝાપટ મારી

**સા.કુંડલાના વંડા ગામની વાડી વિસ્તારમાં બનાવ**

વંડા, તા.૧૯

જેજાદ ગામની સીમમાં શીરોડા વાડી વિસ્તારમાં જેજાદથી ભોંકરવા જવાના કાચા રસ્તે બહાદુરભાઈ વાસુરભાઈ ભુવાની વાડીની ઝાપલી પાસે એક યુવકને તે કેમ આખા ગામમાં મેં તારા ખાતરની ચોરી કરી છે તેવી વાતો બદનામ કર્યો કહીને બે ઝાપટ મારી હતી. તેમજ ટાટીયા ભાંગી નાખીશ તેવી ધમકી આપી હતી. હરેશભાઈ ભીમજીભાઈ દેંગડા (ઉ.વ.૪૨)એ બહાદુરભાઈ વાસુરભાઈ ભુવા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની એરંડી ખોળની ખાતરની દસ થેલી આરોપીની વાડીની પાસે ટ્રેક્ટરમાંથી પડી ગઈ હતી. તેઓ ટ્રેક્ટરમાં રહેલ ખાતરની થેલીઓ લઈને વાડીએ ગયા હતા. બાદ તેઓ જેજાદ ગામમાંથી મીની ટ્રેક્ટરમાં મજુરો લઈને ખાતરની થેલી લેવા જતા ત્યાં દસ માંથી ચાર ખાતરની થેલી જોવા નહી મળતા આ બાબતે પોલીસને જાણ કરી હતી. જે બાદ ચાર ખાતરની થેલી મળી આવી હતી. જેથી તેમના ગામમાં ખાતરની થેલી આરોપી લઈ ગયાની વાતો થતી હતી જે વાત તેમણે કરેલી હોય તેવું આરોપીને લાગ્યું હતું. તેઓ મોટર સાયકલ લઈને દૂધ ભરવા જતા હતા તે દરમ્યાન આરોપીની વાડીની ઝાપલી પાસે પહોંચતા આરોપીએ તેમની મોટર સાયકલ ઉભી રખાવી તેમની પાસે આવી કહેવા લાગ્યો કે, તે કેમ આખા ગામમાં મેં તારા ખાતરની ચોરી કરેલ છે. તેવી વાતો કરી મને ગામમાં બદનામ કરી દીધો છે. તેમ કહી જમણા ગાલે બે ઝાપટ મારીને હવે તું ગામમાં આવી વાતો કરીશ તો તારા ટાટીયા ભાંગી નાખીશ તેવી ધમકી આપી ગાળો આપી હતી. સાવરકુંડલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વિરલ ચંદન વધુ તપાસ કરી રહ્યા છે.

# ગારીયાધારમાં સાસુએ વહુને તું તારા પિયર જતી રહે કહી ત્રાસ આપ્યો

ગારીયાધાર, તા.૧૯

ગારીયાધારમાં સાસુએ વહુને તું તારા પિયર જતી રહે કહી ત્રાસ આપ્યો હતો. તેમજ પતિએ ઢીકાપાટુનો માર માર્યો હતો. મનિષાબેન રાકેશભાઈ સરવૈયા (ઉ.વ.૨૮)એ પતિ રાકેશભાઈ રમેશભાઈ સરવૈયા તથા સાસુ હંસાબેન રમેશભાઈ સરવૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમને તેમના પતિ પિયરમાં મુકવા આવતા હતા ત્યારે તેમણે તેમના દીકરાને સાથે લઈ જવાનુ કહેતા તેના પતિ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો અને વાસાના ભાગે પાટુ માર્યું હતું. પ્લાસટિકનો પાઈપ પગમાં માર્યો હતો. સાસુએ મેણા ટોણા મારી માનસિક તથા શારીરીક દૂ:ખ ત્રાસ આપ્યો હતો અને કહ્યું કે તું તારા પિયર જતી રહે. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ પી ઘાંઘળ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં આલમગીરી હોટલ પાસે ટ્રેક્ટર ચાલકે ટુ-વ્હીલર ચાલકને ટક્કર મારી

લાઠી, તા.૧૯

લાઠીમાં આલમગીરી હોટલ પાસે ટ્રેક્ટર ચાલકે ટુ-વ્હીલર ચાલકને ટક્કર મારી હતી. આ બનાવ અંગે કિરણભાઈ અજીતભાઈ વાઘેલા (ઉ.વ. ૩૮) એ ટ્રેક્ટરના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમનો દીકરો ગૌતમભાઈ કિરણભાઈ વાઘેલા મોટરસાઈકલ લઈને લાઠીના ગાગડીયા સર્કલથી આલમગીરી હોટલ તરફ જતો હતો. તે દરમિયાન આલમગીરી હોટલ પાસે પહોંચતાં સામેથી આવેલા ટ્રેક્ટરના ચાલકે પોતાનું ટ્રેક્ટર પુરઝડપે, ગફલતભરી રીતે અને બેફિકરાઈથી માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવી તેના દીકરા સાથે અકસ્માત સર્જ્યો હતો. જેમાં તેના ડાબા પગના નળાના ભાગનું હાડકું ભાંગી નાખી ફેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચાડી ટ્રેક્ટર ચાલક નાસી ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ચર્ચમાં તલવાર અને જ્વલનશીલ પ્રવાહી સાથે ઘૂસેલા શખ્સે આગ ચાંપતા રૂ. ૫૦ હજારનું નુકસાન

**જાનથી મારી નાખવાની ધમકી આપી હોલના સરસામાનને સળગાવી દેતાં ચકચાર**

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા-મહુવા રોડ પર આઈ.ટી.આઈ. નજીક આવેલા ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાન 'ધ પેન્ટેકોસ્ટલ મિશન' ચર્ચમાં એક અજાણ્યા હુમલાખોર શખ્સે તલવાર અને જ્વલનશીલ પ્રવાહી સાથે ગેરકાયદે પ્રવેશ કરી આગ ચાંપવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. આરોપીએ ચર્ચમાં તોડફોડ કરી આગ લગાડતાં અંદાજે રૂ. ૫૦ હજારનું નુકસાન પહોંચાડ્યું હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે.આ અંગે ચર્ચના મધર લીડિયા શિંદા મસીહ રાનીએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી નુકસાન પહોંચાડવાના બદઈરાદા સાથે હાથમાં ખુલ્લી તલવાર તથા પ્લાસ્ટિકના કેનમાં જ્વલનશીલ પ્રવાહી લઈને ચર્ચ પરિસરમાં ધસી આવ્યો હતો. ચર્ચમાં પ્રવેશ કર્યા બાદ આરોપીએ ત્યાં હાજર ફરિયાદી તથા સાક્ષીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ આરોપીએ પ્લાસ્ટિકના કેનમાંથી જ્વલનશીલ પ્રવાહી ચર્ચના હોલમાં રહેલા સામાન પર છાંટી આગ ચાંપી દીધી હતી, જેના કારણે આશરે રૂ. ૫૦ હજારનું નુકસાન થયું હતું. આ ઘટના અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. એમ. અગ્રાવત વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**તંત્રી લેખ**

## રક્ષા પરિષદમાં શાંતિના સંદેશ સાથે ભારતની વૈશ્વિક જવાબદારી

વિશ્વ રાજકારણમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું સ્થાન અત્યંત મહત્વનું છે. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા સાથે જોડાયેલા સૌથી મોટા અને સંવેદનશીલ નિર્ણયો આ જ મંચ પર લેવાય છે. યુધ્ધ, આતંકવાદ, આંતરરાષ્ટ્રીય સંઘર્ષ, દરિયાઈ સુરક્ષા અને વૈશ્વિક સ્થિરતા સામેના ગંભીર પડકારોનો સામનો કેવી રીતે કરવો તેની દિશા સુરક્ષા પરિષદ નક્કી કરે છે. તેથી કોઈ પણ દેશને આ પરિષદમાં સ્થાન મળવું એ માત્ર સન્માન કે પ્રતિષ્ઠાનો વિષય નથી, પરંતુ વિશ્વની સમસ્યાઓના ઉકેલમાં પોતાની સક્રિય અને જવાબદાર ભૂમિકા ભજવવાની મોટી તક પણ છે.

આ જવાબદારીને સમજીને ભારતે ૨૦૨૮-૨૯ના કાર્યકાળ માટે સુરક્ષા પરિષદની અસ્થાયી બેઠક મેળવવા માટે પોતાનું રાજદ્વારી અભિયાન વહેલું શરૂ કર્યું છે, જે એક અત્યંત સમયસરનો અને વ્યૂહાત્મક નિર્ણય છે. આ ચૂંટણી જૂન ૨૦૨૭માં યોજાવાની છે, જેમાં એશિયા-પેસિફિક ક્ષેત્રની એક બેઠક માટે ભારત અને તાજિકિસ્તાન વચ્ચે સીધી સ્પર્ધા થશે. ભારત પાસે હવે લગભગ એક વર્ષનો સમય છે, જેનો ઉપયોગ માત્ર પ્રચાર માટે નહીં, પરંતુ દુનિયાના વિવિધ દેશો સાથે વિશ્વાસપૂર્ણ અને મજબૂત સંબંધો બાંધવા માટે થવો જોઈએ.

ભારતના આ નવા અભિયાનનો મુખ્ય આધાર ‘શાંતિનો સંદેશ’ છે, જે આજની પરિસ્થિતિમાં ખૂબ જ પ્રાસંગિક અને જરૂરી છે. ભારતનું સ્પષ્ટ માનવું છે કે સ્થિર અને શાંતિપૂર્ણ વાતાવરણ વિના કોઈ પણ દેશ લાંબા ગાળાનો ટકાઉ વિકાસ કરી શકતો નથી. જ્યારે દુનિયામાં મતભેદો યુધ્ધનું સ્વરૂપ ધારણ કરી રહ્યા છે, ત્યારે સંવાદ, પરસ્પર વિશ્વાસ અને સહકારને પ્રાથમિકતા આપવી એ જ એકમાત્ર રસ્તો છે. તેથી ભારતે પોતાની ઉમેદવારીને માત્ર એક બેઠક મેળવવાની હરીફાઈ તરીકે નહીં, પરંતુ વૈશ્વિક શાંતિ અને પ્રગતિના વિઝન સાથે જોડી છે.

સુરક્ષા પરિષદમાં ભારતની હાજરીનો અર્થ માત્ર ભારતના પોતાના હિતોને આગળ ધપાવવાનો ન હોવો જોઈએ. સાચું નેતૃત્વ એ છે જે બીજાનો અવાજ બને. ભારતે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના વિકાસશીલ દેશોની ચિંતાઓને આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચાડવી જોઈએ. આજે સુરક્ષાની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. તે માત્ર સૈન્ય શક્તિ પૂરતી મર્યાદિત નથી. જ્યારે કરોડો લોકો ગરીબી, ભૂખમરો, ઊર્જાના અભાવ અને જળવાયુ પરિવર્તનની અસરોથી પીડાય છે, ત્યારે સામાજિક અને રાજકીય અસ્થિરતા વધે છે, જે આખરે વૈશ્વિક સુરક્ષા માટે જોખમ બને છે. તેથી ભારતના ‘શાંતિ’ આધારિત અભિયાનને આ વ્યાપક દૃષ્ટિકોણ સાથે જોડવાની જરૂર છે. શાંતિનો અર્થ માત્ર યુધ્ધ અટકાવવું એવો સંકુચિત નથી. દેશો વચ્ચે વિશ્વાસ ઊભો કરવો, મતભેદોનો સંવાદથી ઉકેલ લાવવો, સામાન્ય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી અને દરેક માટે વિકાસની તકો વધારવી એ પણ શાંતિનો જ ભાગ છે. ભારત પાસે તેની હજારો વર્ષ જૂની ‘વસુધૈવ કુટુંબકમ’ ની સંસ્કૃતિ, મજબૂત લોકશાહી પરંપરા અને વિવિધતામાં એકતાના અનુભવને વિશ્વ સમક્ષ રજૂ કરવાની ઉત્તમ તક છે.

અંતે, ૨૦૨૮-૨૯ માટેની ભારતની ઉમેદવારીને માત્ર એક આંતરરાષ્ટ્રીય ચૂંટણી તરીકે જોવી યોગ્ય નથી. આ ભારતના વૈશ્વિક નેતૃત્વની સાચી પરીક્ષા છે. વિશ્વ આજે એવા નેતૃત્વની રાહ જોઈ રહ્યું છે જે મુશ્કેલીના સમયમાં દુનિયાને વિશ્વાસ આપી શકે, વિરોધી પક્ષોને એક ટેબલ પર લાવી શકે અને નાના-મોટા તમામ દેશોની વાત સાંભળી શકે.

# બલૂચિસ્તાનમાં ભડકતી આગ: બંદૂકથી નહીં, વિશ્વાસથી શાંતિ આવશે


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

પાકિસ્તાનનું બલૂચિસ્તાન ફરી એકવાર અસંતોષ, હિંસા અને રાજકીય અસ્થિરતાના ભરડામાં છે. આ પ્રાંત લાંબા સમયથી પાકિસ્તાન માટે માત્ર એક વહીવટી એકમ નથી રહ્યો, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા, ખનિજ સંપત્તિ, રાજકીય અધિકારો અને માનવ અધિકારો સાથે જોડાયેલો સૌથી ગંભીર પ્રશ્ન બની ગયો છે. અહીં અલગતાવાદી સંગઠનો અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચેનો સંઘર્ષ દાયકાઓથી ચાલે છે, અને સમય જતાં તેણે એટલું ઉગ્ર સ્વરૂપ લીધું છે કે સામાન્ય નાગરિકનું જીવન ભય અને અનિશ્ચિતતાથી ઘેરાઈ ગયું છે.

તાજેતરની સ્થિતિ વધુ ચિંતાજનક છે. સુરક્ષા દળો પરના હુમલાઓમાં સતત વધારો થઈ રહ્યો છે અને આ વિશાળ પ્રદેશ પર નિયંત્રણ જાળવવું ઈસ્લામાબાદ માટે મુશ્કેલ બની રહ્યું છે. અહેવાલો અનુસાર વર્ષ ૨૦૨૫ દરમિયાન બલૂચિસ્તાનમાં ૨૫૪ જેટલા હુમલાની ઘટનાઓ નોંધાઈ હતી, જે અગાઉના વર્ષની સરખામણીએ નોંધપાત્ર વધારો છે. આ હુમલાઓમાં મોટી સંખ્યામાં જાનહાનિ થઈ છે. બલૂચ લિબરેશન આર્મી જેવા સંગઠનો પાકિસ્તાની સુરક્ષા વ્યવસ્થાને સતત પડકારી રહ્યા છે. આ સ્થિતિને માત્ર કાયદો અને વ્યવસ્થાની સમસ્યા તરીકે જોવી એ સરળતા ભર્યું વલણ છે. તેની પાછળના સામાજિક, આર્થિક અને રાજકીય કારણો સમજ્યા વિના બલૂચિસ્તાનનો સાચો પ્રશ્ન સમજી શકાય નહીં.

વિરોધાભાસએ છે કે બલૂચિસ્તાન કુદરતી સંપત્તિથી અત્યંત સમૃધ્ધ છે, છતાં વિકાસથી વંચિત છે. વિસ્તારની દૃષ્ટિએ તે પાકિસ્તાનનો સૌથી મોટો પ્રાંત છે, જે દેશના કુલ ભૂમિ વિસ્તારના લગભગ ૪૪ ટકા જેટલો હિસ્સો ધરાવે છે, જ્યારે વસ્તી માત્ર છ ટકા જેટલી છે. અહીં તાંબુ, સોનું, કોલસો અને કુદરતી ગેસ સહિતના ખનિજોનો મોટો ભંડાર છે. ગ્વાદર બંદર અને તેનું વ્યૂહાત્મક સ્થાન તેને માત્ર પાકિસ્તાન માટે જ નહીં, સમગ્ર દક્ષિણ એશિયા માટે મહત્વપૂર્ણ બનાવે છે. પરંતુ સ્થાનિક લોકોમાં એવી પ્રબળ ફરિયાદ છે કે તેમની જમીનની સંપત્તિનો લાભ તેમને મળતો નથી. રોજગાર, શિક્ષણ, આરોગ્ય, રસ્તા અને પાણી જેવી પાયાની સુવિધાઓનો અભાવ વર્ષોથી યથાવત છે. જ્યારે કોઈ પ્રદેશના લોકોને એવું લાગે કે તેમની જમીનમાંથી સંપત્તિ બહાર જઈ રહી છે, પરંતુ તેમના જીવનમાં કોઈ બદલાવ નથી આવતો, ત્યારે અસંતોષ જન્મે તે સ્વાભાવિક છે. જો આ અસંતોષને સમયસર લોકશાહી અને વિકાસના માર્ગે ન ઉકેલવામાં આવે તો તે ઉગ્ર વિરોધમાં ફેરવાઈ જાય છે.

આ અસંતોષ હવે હિંસક ઘટનાઓમાં દેખાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સુરક્ષા દળો, પોલીસ અને સરકારી સ્થાપનોને નિશાન બનાવવાની ઘટનાઓ વધી છે. ધોરીમાર્ગો પર હુમલા, સરકારી ઈમારતો પર કબજાના પ્રયાસો અને સુરક્ષા ચોકીઓ પર થતા હુમલાઓને કારણે સામાન્ય જનજીવન વારંવાર ખોરવાય છે.



પાકિસ્તાનના સુરક્ષા તંત્ર માટે આ પડકાર મોટો છે, કારણ કે વિશાળ ભૌગોલિક વિસ્તાર, પર્વતીય અને દુર્ગમ ભૂ-પ્રદેશ અને સરહદી સ્થિતિને કારણે દરેક વિસ્તારમાં સતત સુરક્ષા જાળવવી અત્યંત કઠિન છે. ઘણા વિસ્તારોમાં ભયના માહોલને કારણે પોલીસ વ્યવસ્થા પર ભારે દબાણ આવ્યું છે. એ નોંધવું પણ જરૂરી છે કે જાનહાનિ અને હુમલાઓના આંકડાઓ અંગે પાકિસ્તાની સંસ્થાઓ અને બલૂચ સંગઠનોના દાવાઓમાં ઘણીવાર મોટો તફાવત હોય છે, તેથી આવા આંકડાઓને સાવચેતીથી જોવા જોઈએ. તેમ છતાં, હિંસાનો વ્યાપ નાનો નથી અને તેની સૌથી મોટી કિંમત સામાન્ય લોકો ચૂકવી રહ્યા છે તે નિર્વિવાદ છે.

આ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પાકિસ્તાની સેના અને સુરક્ષા દળો દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેમાં બીએલએ જેવા સંગઠનો સામેના ઓપરેશનોનો સમાવેશ થાય છે. ઈસ્લામાબાદનું માનવું છે કે આ સંગઠનો દેશની એકતા અને અખંડિતતા માટે ગંભીર ખતરો છે. પરંતુ અહીં મૂળભૂત પ્રશ્નએ છે કે શું માત્ર સૈન્ય કાર્યવાહીથી આ સમસ્યાનો કાયમી અંત આવી શકે? વિશ્વના અનુભવો કહે છે કે લાંબા સમયથી ચાલતા અલગતાવાદી આંદોલનોને માત્ર બળથી દબાવવાથી સમસ્યા થોડા સમય માટે શાંત થઈ શકે છે, પરંતુ તેનું મૂળ કારણ દૂર થતું નથી. હિંસા સામે કડક કાર્યવાહી જરૂરી છે, પરંતુ તેની સાથે રાજકીય સંવાદ, સર્વાંગી વિકાસ અને વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયા પણ એટલી જ અનિવાર્ય છે. જો દરેક વિરોધી અવાજને સુરક્ષાનો ખતરો ગણીને દબાવવામાં આવશે, તો સામાન્ય નાગરિક અને હિંસક સંગઠન વચ્ચેનો ભેદ ભૂંસાઈ જશે અને અસંતોષ વધુ ઊંડો બનશે.

આ ચર્ચા વચ્ચે બલૂચ વિદ્રોહીઓને ઈઝરાયલ સહિતની વિદેશી એજન્સીઓ મદદ કરી રહી હોવાના દાવાઓ પણ સામે આવ્યા છે. પાકિસ્તાની વર્તુળોમાં આવા આક્ષેપો સમયાંતરે થતા રહે છે. પરંતુ આવા દાવાઓને સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવા વિના સત્ય તરીકે સ્વીકારી શકાય નહીં. ઘણીવાર આંતરિક નિષ્ફળતાઓ પરથી ધ્યાન હટાવવા માટે પણ વિદેશી હસ્તક્ષેપની વાત આગળ ધરવામાં આવે છે. જો ખરેખર કોઈ વિદેશી શક્તિની સંડોવણી હોય તો તે ગંભીર આંતરરાષ્ટ્રીય મુદ્દો છે, પરંતુ પુરાવા વિના તે માત્ર રાજકીય પ્રચાર બની રહે છે.

બલૂચિસ્તાનનો વધુ એક સંવેદનશીલ મુદ્દો ગુમ થયેલા લોકોનો છે. બલૂચ માનવાધિકાર કાર્યકરો લાંબા સમયથી આરોપ લગાવે છે કે ઘણા લોકોને સુરક્ષા એજન્સીઓ દ્વારા ઉઠાવી લેવામાં આવ્યા છે અને તેમનો કોઈ પત્તો નથી. સરકાર આ આરોપોને સંપૂર્ણપણે સ્વીકારતી નથી અને ઘણા કેસોમાં આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે જોડાણ હોવાનું કહે છે. સત્ય ગમે તે હોય, કોઈ વ્યક્તિ લાંબા સમય સુધી પરિવારથી સંપર્કવિહોણી રહે તે માનવતાની દૃષ્ટિએ ગંભીર બાબત છે. કાયદાનું શાસન હોય ત્યાં ધરપકડ, તપાસ અને ન્યાયિક પ્રક્રિયા કાયદા મુજબ થવી જોઈએ. કાયદાથી બહારની કોઈપણ કાર્યવાહી શંકા અને અવિશ્વાસને જ જન્મ આપે છે.


બલૂચિસ્તાનનું આંતરરાષ્ટ્રીય મહત્વ ગ્વાદર બંદર અને ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોરને કારણે વધ્યું છે. ચીનના મોટા રોકાણથી આ વિસ્તાર વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ બન્યો છે, પરંતુ તેની સાથે સુરક્ષા જોખમ પણ વધ્યું છે. ચીની નાગરિકો અને પ્રોજેક્ટ પર થયેલા હુમલાઓએ પાકિસ્તાન માટે નવી મુશ્કેલી ઊભી કરી છે. જો હિંસા ચાલુ રહેશે તો રસ્તા, બંદરો અને ઊર્જા ક્ષેત્રમાં રોકાણ કરવું મુશ્કેલ બનશે, જે પાકિસ્તાનની સમગ્ર અર્થવ્યવસ્થા માટે નુકસાનકારક છે.

આમ, બલૂચિસ્તાનની સમસ્યા હવે માત્ર સુરક્ષાનો પ્રશ્ન નથી રહી, તે રાજકીય વિશ્વાસનો પ્રશ્ન પણ બની ગઈ છે. તેનો કાયમી ઉકેલ બંદૂકની નળીમાંથી નહીં નીકળે. હિંસક હુમલાઓ સામે રાજ્યએ કડક રહેવું જ પડશે, કારણ કે નિર્દોષોના જીવની રક્ષા કરવી તે તેની પ્રથમ ફરજ છે. પરંતુ સાથે સાથે શાંતિપૂર્ણ રાજકીય વિરોધને આતંકવાદ સાથે સરખાવવાની ભૂલ ન થવી જોઈએ. સ્થાનિક લોકોની ફરિયાદો સાંભળવી, વિકાસના નાણાંનો પારદર્શક ઉપયોગ કરવો, રોજગારી, શિક્ષણ અને આરોગ્યની તકો વધારવી અને ખનિજ સંપત્તિમાં સ્થાનિક હિસ્સો સુનિશ્ચિત કરવો એ જ સાચો માર્ગ છે. બલૂચિસ્તાનને માત્ર સૈન્યની નજરે જોવામાં આવશે તો રાજ્ય અને પ્રજા વચ્ચેનું અંતર વધશે, પરંતુ તેને વિકાસ, લોકશાહી અને અધિકારોના દૃષ્ટિકોણથી જોવામાં આવશે તો શાંતિની નવી શક્યતાઓ ખુલશે. આજે જે આગ દેખાઈ રહી છે તે પાકિસ્તાનની શાસન વ્યવસ્થા અને રાજકીય સંવેદનશીલતાની કસોટી છે. બંદૂકથી ભય પેદા કરી શકાય છે, વિશ્વાસ નહીં. વિશ્વાસ માટે ન્યાય, સંવાદ અને ભાગીદારી જ જોઈએ.

## સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૯૮૮ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૧૧૩૦ | ૧૨૪૦ |
| જુવાર લાલ | ૧૦૭૦ | ૧૨૬૪ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૩૫૦ | ૫૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૧૦૧૧ | ૧૨૪૫ |
| ચણા સફેદ | ૧૨૫૧ | ૧૮૧૧ |
| અડદ | ૧૧૫૦ | ૧૮૧૪ |
| મગ | ૧૧૬૦ | ૧૬૮૦ |
| વાલ દેશી | ૭૩૦ | ૧૧૯૫ |
| ચોળી | ૯૪૦ | ૧૨૯૦ |
| વટાણા | ૫૮૦ | ૧૦૦૯ |
| કળથી | ૩૭૫ | ૫૬૦ |
| રાજમા | ૧૦૫૦ | ૧૯૦૦ |
| સીંગદાણા | ૧૬૭૦ | ૨૦૯૦ |
| મગફળી જાડી | ૧૩૧૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૨૯૦ | ૧૫૫૫ |
| તલી | ૨૧૦૦ | ૨૪૦૮ |
| એરંડા | ૧૩૮૦ | ૧૪૩૭ |
| અજમો | ૧૫૦૦ | ૧૭૫૦ |
| સુવા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૧૭૦ | ૧૨૭૦ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૭૮૦ |
| કાળા તલ | ૨૨૩૦ | ૩૫૦૦ |
| લસણ | ૧૧૦૫ | ૨૫૦૦ |
| ધાણા | ૨૭૮૦ | ૩૦૦૦ |
| ધાણી | ૨૮૦૦ | ૩૦૭૨ |
| વરીયાળી | ૧૭૩૫ | ૨૦૦૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૭૦ |
| રાય | ૧૩૬૦ | ૧૭૭૦ |
| મેથી | ૮૭૦ | ૧૪૮૦ |
| ઇસબગુલ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| અશેરીયો | ૧૧૦૭ | ૧૧૦૭ |
| કલોંજી | ૩૦૫૦ | ૩૫૯૯ |
| રાયડો | ૧૨૩૦ | ૧૫૩૧ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૮૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૯૨ | ૧૧૫૬ |
| પપૈયા | ૧૯૮ | ૪૦૫ |
| બટેટા | ૮૯ | ૨૯૨ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૭૫૧ |
| ટમેટા | ૨૨૯ | ૪૩૫ |
| સુરણ | ૯૭૭ | ૧૧૫૪ |
| કોથમરી | ૧૫૭ | ૩૨૬ |
| મુળા | ૪૦૭ | ૬૧૮ |
| રીંગણા | ૪૭૯ | ૯૫૫ |
| કોબીજ | ૨૭૮ | ૫૦૬ |
| ફલાવર | ૫૬૭ | ૭૮૨ |
| ભીંડો | ૫૫૪ | ૭૯૩ |
| ગુવાર | ૧૨૨૬ | ૧૯૫૮ |
| ચોળાસીંગ | ૫૯૫ | ૧૦૧૩ |
| વાલોળ | ૭૧૯ | ૧૨૩૭ |
| ટીંડોળા | ૬૧૮ | ૧૦૨૩ |
| દુધી | ૨૨૫ | ૪૧૧ |
| કારેલા | ૩૮૬ | ૪૯૫ |
| સરગવો | ૬૨૮ | ૧૨૦૭ |
| તુરીયા | ૫૮૯ | ૯૫૩ |
| પરવર | ૭૦૯ | ૯૭૧ |
| કાકડી | ૩૧૧ | ૫૨૭ |
| ગાજર | ૩૧૬ | ૪૮૮ |
| વટાણા | ૨૦૦૫ | ૩૦૧૬ |
| કંટોળા | ૨૦૦૫ | ૨૪૨૨ |
| ગલકા | ૨૧૩ | ૩૬૧ |
| બીટ | ૩૮૨ | ૫૭૩ |
| મેથી | ૪૯૫ | ૭૧૧ |
| વાલ | ૧૨૧૭ | ૧૪૩૨ |
| ડુંગળી લીલી | ૫૫૮ | ૭૭૭ |
| આદુ | ૧૨૨૯ | ૨૯૩૫ |
| મરચા લીલા | ૪૧૮ | ૬૨૭ |
| મગફળી લીલી | ૪૬૧ | ૮૫૨ |
| મકાઇ લીલી | ૨૨૧ | ૪૧૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૯૧ | ૧૯૫૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૬૨૨ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૪૬ |
| સિંગદાણા જાડા | ૧૨૪૧ | ૧૯૯૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૭૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૦ | ૧૪૦૬ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૪૭૬ |
| તલ લાલ | ૨૩૫૧ | ૨૪૪૧ |
| જીરૂ | ૨૧૭૬ | ૩૮૯૧ |
| કલંજી | ૨૦૦૧ | ૩૫૪૧ |
| વરીયાળી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૧૫૧ |
| લસણ સુકું | ૧૦૨૧ | ૨૪૧૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૭૨૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| તુવેર | ૯૦૦ | ૧૫૫૧ |
| રાજગરો | ૧૧૦૧ | ૧૧૨૧ |
| રાય | ૧૪૨૧ | ૧૬૨૧ |
| મેથી | ૧૦૦૧ | ૧૪૧૧ |
| કાંગ | ૫૦૭ | ૭૦૧ |
| ગુવાર બી | ૮૦૧ | ૯૮૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૯૬ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૧૮૯૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૪૬૧ |
| ધાણી | ૨૮૫૧ | ૩૧૨૧ |
| બાજરો | ૩૪૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૧૨૬૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૮૫૧ | ૧૬૬૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૬૧ |
| વાલ | ૬૦૧ | ૧૦૪૧ |
| ચોળા / ચોળી | ૧૪૧૧ | ૧૪૧૧ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૨૭૧ |
| અજમાં | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૩૦૧ |
| વટાણા | ૩૪૧ | ૫૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૬૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૨૦ |
| દુધી | ૧૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૮૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| ચ્રૂણ | ૭૮૦ | ૧૦૦૦ |
| ફ્રુદ્દિફ્રિ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૫૦ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૫૦૦ |
| લસણ પુરા | ૮ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૪૦ | ૨૧૧૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૭૦ |
| તલ કાળા | ૨૨૫૦ | ૩૬૦૦ |
| તલ કાશમીરી | ૨૨૪૦ | ૨૩૪૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૫ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૭૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૦૫ |
| ચણા | ૮૦૦ | ૧૨૫૦ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| તુવેર | ૯૭૦ | ૧૪૭૫ |
| કપાસ | ૧૧૦૦ | ૨૦૩૫ |
| એરંડા | ૧૨૯૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૭૮૦ | ૪૦૨૫ |
| ધાણી | ૨૮૧૫ | ૩૧૩૫ |
| અજમા | ૧૮૧૦ | ૨૪૬૦ |
| મેથી | ૧૨૪૦ | ૧૩૭૦ |
| સોયાબીન | ૧૨૨૦ | ૧૨૪૦ |
| રજકાનુ બી | ૯૦૦૦ | ૯૦૦૦ |
| ચણા દેશી | ૧૦૭૫ | ૧૨૦૦ |
| છોલે ચણા | ૯૦૦ | ૯૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૭૦ |
| રીંગણા | ૭૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| શક્કરીયા | ૧૦૨૦ | ૧૨૩૦ |
| ટમેટાં | ૫૩૦ | ૬૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૮૦ | ૩૯૦ |
| કારેલા | ૪૦૦ | ૫૫૦ |
| ગલકા | ૨૦૦ | ૩૫૦ |
| મૂળા | ૩૦૦ | ૩૮૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૯૫૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૭૨૦ | ૮૩૦ |
| આદુ | ૧૪૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| બીટ | ૫૨૦ | ૬૦૦ |
| સરગવો | ૧૦૨૦ | ૧૨૨૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૬૦૦ |
| કંટાળા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| લસણ સુકું | ૧૨૫૦ | ૨૬૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીબુ | ૪૬૦ | ૭૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૨૫ | ૧૪૧૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૪૬ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૪૮૩ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૯૦૦ |
| કપાસ | ૧૫૭૫ | ૧૯૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૦ |
| બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| જુવાર | ૫૦૦ | ૧૧૪૫ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૦૬ |
| મગ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૮૧ | ૧૪૮૧ |
| મગફળી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ઘઉં | ૪૯૬ | ૫૨૦ |
| ચણા | ૯૧૦ | ૯૧૦ |
| રાઈ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| **બગસરા** | | |
| કપાસ નવો | ૧૪૬૫ | ૧૬૪૫ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ઘંઉ લોકવન | ૫૦૦ | ૫૦૦ |
| ઘઉ ટુકડા | ૪૯૨ | ૫૨૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૮૯૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૦૪ |
| તલ કાળા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ધાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ચણા | ૧૦૯૫ | ૧૨૦૦ |
| ચણા સોલે | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૬૪૦ | ૧૭૭૫ |
| મગફળી | ૧૧૩૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૦૫૦ | ૩૭૭૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૨૧૦ |
| ઘઉં | ૪૮૧ | ૫૪૦ |
| મગ | ૧૨૪૦ | ૧૪૦૦ |
| તલ કાળા | ૧૮૭૦ | ૨૨૯૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૯૮૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૧ |
| બાજરો | ૪૯૬ | ૪૯૬ |
| ચણા | ૮૦૧ | ૧૨૨૧ |
| તુવેર | ૭૦૧ | ૧૩૫૧ |
| મગફળી | ૮૦૧ | ૧૧૦૧ |
| શિંગ દાણા | ૧૫૦૧ | ૧૮૫૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૦૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૮૬ |
| ધાણા | ૨૮૭૬ | ૨૮૭૬ |
| સોયાબીન | ૮૫૧ | ૧૨૨૬ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૨૬૨ | ૧૨૬૨ |
| જુવાર | ૪૩૧ | ૧૧૬૨ |
| બાજરી | ૪૧૧ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૮૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ધાણા | ૨૮૫૦ | ૨૮૫૦ |
| ચણા | ૮૩૦ | ૧૨૧૦ |
| તલ સફેદ | ૧૯૫૮૪ | ૨૪૫૬ |
| તલ કાળા | ૧૮૦૨ | ૩૪૮૪ |
| ડુંગળી લાલ | ૭૭ | ૭૭૫ |
| ડુંગળી સફેદ | ૧૬૯ | ૩૦૮ |
| નાળીયેર | ૫૦૦ | ૩૩૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૨૫૫ |
| બાજરી હાઈબ્રીડ | ૪૧૧ | ૫૨૪ |
| ઘઉં | ૪૫૦ | ૫૮૧ |
| જુવાર | ૯૦૦ | ૧૨૫૧ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૫૫ |
| ચણા | ૯૦૦ | ૧૨૭૨ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૯૯ |
| રજકો | ૬૦૦૦ | ૯૮૨૫ |
| કાળાતલ | ૨૧૦૦ | ૩૬૫૧ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૪૧૨ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૫૯૫ |
| બાજરી | ૨૮૦ | ૩૬૦ |
| ઘઉં | ૪૯૨ | ૫૫૧ |
| મગ | ૧૩૦૦ | ૧૩૯૦ |
| તુવેર | ૮૦૦ | ૧૦૩૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૨૮૦ |
| મગફળી જીણી | ૭૦૦ | ૧૩૬૫ |
| એરંડા | ૧૨૦૧ | ૧૩૯૫ |
| તલી | ૧૯૦૦ | ૧૯૨૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૬૪૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૪૬૫ |
| લસણ | ૮૦૦ | ૨૩૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૮૦ |
| અજમો | ૧૮૦૦ | ૩૨૬૦ |
| અજમાની ભૂસી | ૭૦ | ૨૩૦૦ |
| ધાણા ધાણી | ૨૭૦૦ | ૩૦૬૧ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૬૭૫ |
| ડુંગળી નાસીક | ૪૬૦ | ૭૪૦ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૨૪૨૫ |
| ઈસબગુલ | ૫૦૦ | ૫૫૦ |
| વટાણા | ૬૦૦ | ૯૪૫ |
| કલોજી | ૧૭૦૦ | ૩૪૫૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૬૦ | ૧૧૬૦ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૫૦૦ |
| કપાસ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૬૪ |
| જુવાર | ૫૭૧૧ | ૧૨૧૧ |
| ચણા | ૧૦૭૨ | ૧૩૦૦ |
| ધાણા | ૨૭૦૧ | ૨૭૦૧ |
| મેથી | ૧૪૨૫ | ૧૪૨૫ |
| અડદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૩૦૧ | ૩૩૦૧ |

## શબ્દ સંજોગ-૨૨૫૧



**આડી ચાવી :**
(૧) છુટકારો,મુક્તિ (૩)
(૩) ખચીત,બેશક (૪)
(૫) જોડકું (૩)
(૭) ઉત્કૃષ્ટ,ઘણું સારું (૩)
(૯) દૂધ,દહીં વગેરે રાખવાનું પાત્ર (૩)
(૧૦) નાગપાંચમે ખવાતી મીઠાઈ (૨)
(૧૧) બદ્રીનારાયણનો પૂજારી (૩)
(૧૩) મુખ્ય,વડું (૩)
(૧૬) લશ્કર (૨)
(૧૭) લાગણી,પ્રેમ (૨)
(૧૯) રાજકુમાર (૩)
(૨૧) ધર્મબુધ્ધિથી પુણ્યાર્થે આપવું તે (૨)
(૨૨) શુકલ પક્ષ (૨)
(૨૩) પીવું તે (૨)
(૨૪) રેંટિયા ..... (૩)
(૨૫) હોઠ (૩)
(૨૬) ભાષાંતર (૪)

**ઉભી ચાવી :**
(૧) જથાબંધ નહિ તેમ (૩)
(૨) એક પક્ષી (૩)
(૩) પાવાની જાતનું વાદ્ય (૪)
(૪) સૌરાષ્ટ્રનું એક ગામ (૪)
(૬) એકના.... કરવાની લાલચે ગુમાવવું પડે. (૩)
(૮) વેતન લીધા વગર કામ કરનારૂં (૩)
(૧૨) બાળક (૨)
(૧૩) વેળાસર (૩)
(૧૪) લખેલું ભૂંસવા માટે વપરાય (૩)
(૧૫) લડાઈનો રથ (૩)
(૧૮) ઘર,રહેઠાણ (અ) (૩)
(૨૦) એક વનસ્પતિ (૩)
(૨૧) ... એવી બરકત (૩)
(૨૨) એક ખનિજ પદાર્થ કે તેનું બનતુ આંખનું એક અંજન (૩)
(૨૪) પક્ષ,તરફેણ (૨)

## શબ્દ સંજોગ-૨૨૫૦ જવાબ

**આડી ચાવી:** (૧) વૈતરણી (૩) મલીર (૫) નાગલી (૭) નજમ (૯) સૂડલો (૧૧) ભાન (૧૨) કીમ (૧૩) અનામત (૧૬) રુમ (૧૮) દખલ (૨૦) કાકર (૨૧) વલરા (રાવલ) (૨૨) મહાવત (૨૪) ઈશ્તેહાર (૨૫) સત્ય . **ઉભી ચાવી:** (૧) વૈતાન (૨) રસમ (૩) મગ (૪) લીલીસૂકી (૫) નાદાન (૬) નીલો (૮) જમુના (૧૦) કમરૂ (૧૧) ભાત (૧૩) અવકાશ (૧૪) મકર (૧૫) મુખ (૧૭) મહારાજ (૧૯) લવતસ (સવલત) (૨૨) મહા (૨૩) હાર .

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સરંભડા વિસ્તારમાં ખાણ-ખનીજ અધિકારીઓ સાથે ભૂમાફિયાઓએ ઉગ્ર બોલાચાલી કરી

અમરેલી,તા.૧૯



અમરેલીના નાના માંડવડા, મેડી,સરંભડા વિસ્તારમાં આવેલી શેત્રુંજી નદીમાં ખાણ-ખનીજ વિભાગ દ્વારા આકસ્મિક રેડ કરવામાં આવી હતી. દરમિયાન નદીમાંથી બિનઅધિકૃત રીતે રેતી-માટીનું ખનન કરતા લોડર, ડમ્પર અને ટ્રેક્ટર ઝડપાયા હતા. કાર્યવાહી દરમિયાન કેટલાક ઈસમોએ ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી કરી હુમલાનો પ્રયાસ કર્યો હોવાની માહિતી સામે આવી છે. જોકે, કાર્યવાહી દરમિયાન લોડર અને ટ્રેક્ટર ચાલક સહિતના કેટલાક ઈસમો વાહનો સાથે ફરાર થઈ ગયા હતા. ડમ્પરને તાલુકા પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ સીઝ કરવામાં આવ્યું હતું. ખાણ-ખનીજ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ લોડર, ડમ્પર સહિતના મુદ્દામાલની અંદાજિત કિંમત ૩૦થી ૩૫ લાખ રૂપિયા છે. જે કર્મચારી સાથે બોલાચાલી કરવામાં તેની સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. વાહન લઈ ફરાર ચાલકો, વાહન માલિકો અને અજાણ્યા ઈસમો સામે FIR નોંધવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# બાબરાની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે આપનું પાલિકા તંત્રને આવેદન

બાબરા,તા.૧૯



બાબરા શહેરમાં નાગરિકોને પડતી વિવિધ સમસ્યાઓના કાયમી ઉકેલ માટે આમ આદમી પાર્ટી દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

શહેર આપના પ્રમુખ મિહિરભાઈ તેરૈયા સહિતના આગેવાનો દ્વારા ગટર, પાણી, રસ્તા અને સ્ટ્રીટલાઈટ સહિતના પ્રશ્નો રજૂ કરાયા હતા.વોર્ડ નં. ૬ના દયારામ પાર્કમાં ભૂગર્ભ ગટરના પ્રશ્નનો નિકાલ કરવા અને વોર્ડ નં. ૫માં નાના બસ સ્ટેન્ડ સુધીના માર્ગના ખાડા બુરવા માંગ કરાઈ હતી. વોર્ડ નં. ૪માં શુધ્ધ પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવા રજૂઆત કરાઈ હતી. વૃંદાવન પાર્કમાં ઓઈલનો વ્યવસાય અન્ય સ્થળે ખસેડવા, હાઈવેની સ્ટ્રીટલાઈટના કેબલ સુરક્ષિત કરવા તેમજ બાકી રહેલા વિસ્તારોમાં ગટર કનેક્શન આપવા માંગ કરાઈ હતી. કાળુભાર નદીની સફાઈ, જાહેર શૌચાલયોની સફાઈ અને સ્વચ્છતા કામગીરીમાં થયેલી ગેરરીતિની તપાસ કરવાની પણ રજૂઆત કરાઈ હતી.

# સોમનાથ મંદિર કોરિડોર પ્રોજેક્ટ માટે મધરાત્રે ડિમોલેશન હાથ ધરાયુ

ઉના,તા.૧૯

સોમનાથ-પ્રભાસ પાટણ ખાતે વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના વિકાસ માટે હાથ ધરાયેલા કોરિડોર પ્રોજેક્ટમાં અવરોધરૂપ ઈમારતોનું જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મધરાત્રે ડિમોલેશન કરવામાં આવ્યું હતું. રાત્રે ત્રણ વાગ્યે સોમનાથ મંદિરના દિગ્વિજયદ્વાર પાસે ત્રણ દુકાનો, એક ધાર્મિક સ્થળ અને છ મકાનો દૂર કરવામાં આવ્યા હતા. ડિમોલેશન અગાઉ મિલકતધારકોને જાણ કરવામાં આવી હતી અને નિયમ મુજબ કાર્યવાહી કરી યોગ્ય વળતરની પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન એક ડીવાયએસપી, ત્રણ પીઆઈ, છ પીએસઆઈ સહિત એલસીબી અને અન્ય પોલીસ બ્રાન્ચનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. આ કામગીરીમાં આઠ જેસીબી અને વીસ ટ્રેક્ટર સહિતના સાધનો ઉપયોગમાં લેવાયા હતા. સમગ્ર કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

**વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દ્વારા યાત્રાળુઓને શ્રીફળ-સાકરના પડા અપાયા**

# અમરેલીથી બાબા બુઢા અમરનાથ સાહસિક યાત્રાનું આયોજન કરાયું

અમરેલી,તા.૧૯



વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ તથા જિલ્લા સહ મંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી અને જિલ્લા કોષાધ્યક્ષ ડો. પંકજભાઈ ત્રિવેદીની ખાસ ઉપસ્થિતિમાં વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દ્વારા જમ્મુ સ્થિત બાબા બુઢા અમરનાથ સાહસિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલીથી યાત્રાળુઓનું નાગદેવતા મંદિરના મહંત હાર્દિકગિરી બાપુના હાથે શ્રીફળ અને સાકર પડા આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્ર પ્રાંતના નિધિ પ્રકોષ્ઠ હંસાબેન મકાણી, સત્સંગ સંયોજિકા રમીલાબેન પટોળીયા સહિત અમરેલી નગરમંત્રી પંકજભાઈ કાનાણી, બજરંગ દળ સહ સંયોજક મયુરભાઈ જેઠવા, ગૌ સેવા સહ સંયોજક આશિષ જોષી, માતૃ શક્તિ સંયોજિકા આરતીબેન ચોવટિયા, પૂર્વીબેન ગોહિલ, સેવા સંયોજિકા હિરાબેન ભુવા સહિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# જાફરાબાદના લેખક વિષ્ણુભાઈ ભાલિયાનું રાજ્યકક્ષાએ સન્માન

જાફરાબાદ,તા.૧૯

જાફરાબાદના ખારવા સમાજ તેમજ અમરેલી જિલ્લાનું ગૌરવ વધારનાર લેખક વિષ્ણુભાઈ ભાલિયાનું સાહિત્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ ગુજરાત સરકાર દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. અમરેલી ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણીની પૂર્વસંધ્યાએ યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં તેમને શાલ ઓઢાડી મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લામાં વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર ૧૭ નાગરિકોનું સન્માન થયું હતું. તેમાં સાહિત્ય ક્ષેત્રે વિષ્ણુભાઈ ભાલિયાનો સમાવેશ થતાં ખારવા સમાજમાં ગૌરવની લાગણી પ્રસરી છે. તેમની નવલકથા 'ખારા પાણીને ખમ્મા'ને અનેક સાહિત્યિક એવોર્ડ મળી ચૂક્યા છે.

# અમદાવાદના મેમનગર ગુરુકુળમાં ૫૦મા જ્ઞાનસત્ર દરમિયાન ગૌરી પૂજન યોજાયું

અમદાવાદ,તા.૧૯



અમદાવાદના મેમનગરના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે સુવર્ણ જયંતી નિમિત્તે ૫૦મો જ્ઞાનસત્ર ભવ્ય રીતે ઉજવાઈ રહ્યો છે. તેના ભાગરૂપે ભાવસભર ગૌરી પૂજન કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થાના અધ્યક્ષ માધવપ્રિયદાસ સ્વામી તથા બાલકૃષ્ણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૧૮ વર્ષથી આ કાર્યક્રમ યોજાય છે. અખંડ ભગવત પરાયણ જોગી સ્વામીની સ્મૃતિમાં દર વર્ષે ૧૦૮થી વધુ જરૂરિયાતમંદ દીકરીઓને વિદ્યાસહાય આપવામાં આવે છે. આ સહાય મેળવી અનેક દીકરીઓએ ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કરી પોતાના ક્ષેત્રમાં સફળતા મેળવી છે. પ્રસંગે આશીર્વચન આપતાં સ્વામીએ જણાવ્યું હતું કે, દેશની દીકરીઓ ગાર્ગી અને લોપામુદ્રા જેવી વિદુષી બને અને દેશની પ્રગતિમાં યોગદાન આપે તેવી અભ્યર્થના છે. પ્રસિધ્ધ કથાવાચક જીગ્નેશ દાદાએ ઉપસ્થિત રહી સંસ્થાની શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિને બિરદાવી હતી.

# સુપેડીનું બંધ પડેલું રેલવે સ્ટેશનને કેન્દ્રીય મંત્રી માંડવિયાએ બે ટ્રેનો સાથે શરૂ કરાવ્યું

ધોરાજી,તા.૧૯



ધોરાજીના સુપેડી ખાતે બંધ પડેલું રેલવે સ્ટેશનને મંગળવારથી ફરીથી ખુલ્લુ મુકાયું છે. કેન્દ્રીય પ્રધાન ડૉ. મનસુખ માંડવિયાએ સ્થાનિક ધારાસભ્ય ડૉ. મહેન્દ્ર પાડલિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સુપેડી રેલવે સ્ટેશનથી ટ્રેન નંબર ૧૯૫૭૧ રાજકોટ-પોરબંદર-રાજકોટ દૈનિક એક્સપ્રેસને લીલી ઝંડી બતાવીને બે જોડી ટ્રેનોના પ્રાયોગિક ધોરણે અપાયેલા વધારાના સ્ટોપેજનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રેલવેના વરિષ્ઠ અધિકારીઓ, રેલવે કર્મચારીઓ, સુપેડીના નાગરિકો, રેલ મુસાફરો ઉપસ્થિત રહ્યા હતા. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૧૯૫૭૧/૧૯૫૭૨ રાજકોટ-પોરબંદર-રાજકોટ દૈનિક એક્સપ્રેસ તથા ટ્રેન નંબર ૫૯૫૫૭/૫૯૫૬૦ પોરબંદર-ભાવનગર-પોરબંદર પેસેન્જરને સુપેડી રેલવે સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

સુપેડી સ્ટેશન પર ટ્રેનોનું નાગરિકો તથા રેલ મુસાફરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

# માણેકપુરથી સિમર જતા ૪૬ વિદ્યાર્થીઓ માટે બસ સેવા શરૂ

ઉના,તા.૧૯



ઉના તાલુકાના માણેકપુર ગામથી સિમર ખાતે આવેલી શાળામાં ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા ૪૬ વિદ્યાર્થીઓ માટે બસની સુવિધા શરૂ કરવામાં આવી છે. અગાઉ વિદ્યાર્થીઓને દરરોજ આશરે ૮ કિલોમીટરનું અંતર ખાનગી વાહનોમાં કાપવું પડતું હતું, જેના કારણે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. વિદ્યાર્થીઓની સમસ્યાને ધ્યાનમાં લઈને શાળાના આચાર્ય ભાવેશભાઈએ બસ સેવા શરૂ કરવા માટે અથાક પ્રયાસો કર્યા હતા. તેમના પ્રયાસો અને સરકારના સહયોગથી ખાનગી પરિવહન બસની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યમાં જેઠવા રમેશભાઈનો પણ સરાહનીય સહયોગ મળ્યો હતો. બસ સેવા શરૂ થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

# ગીર ગઢડા તાલુકાના કાણેકીયા ગામે દીપડો પાંજરે પુરાયો

ગીર ગઢડા,તા.૧૯



ગીર (પૂર્વ) વન વિભાગ, ધારી અંતર્ગત જસાધાર રેન્જના નવા બંદર રાઉન્ડ વિસ્તારમાં આવેલા કાણેકીયા ગામે કાળુભાઈ ગોરધનભાઈ ગઢીયાની વાડી વિસ્તારમાં દીપડાના રંજાડની ફરિયાદ થતાં જ વન વિભાગે તાત્કાલિક સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. દીપડાને સલામત રીતે પકડવા માટે સ્થળ પર પિંજરું ગોઠવવામાં આવ્યું હતું. જેના પરિણામે આજે વહેલી સવારે એક દીપડો પિંજરામાં પુરાયા હતા. આ દીપડાને વધુ તપાસ અને આરોગ્ય નિરીક્ષણ માટે જસાધાર એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવ્યો છે.

# કોડીનાર ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીનીના હસ્તે ધ્વજવંદન સાથે રાષ્ટ્રીય પર્વ ઉજવાયું

કોડીનાર,તા.૧૯




ભ.ભા. વિદ્યાલય, કોડીનાર ખાતે આચાર્ય ડી.જી. રાઠોડના માર્ગદર્શન હેઠળ ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના પાંચ દિવ્યાંગ વિદ્યાર્થીઓને વિશેષ સહભાગી બનાવાયા હતા, જેમાં બૌધ્ધિક દિવ્યાંગતા ધરાવતી વિદ્યાર્થીનીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવીને ધ્વજવંદન કરાયું હતું. આ પહેલથી દિવ્યાંગ બાળકોને સન્માન અને આત્મવિશ્વાસ સાથે સમાજની મુખ્યધારામાં જોડવાનો સંદેશ અપાયો હતો. આ પ્રસંગે વિશિષ્ટ શિક્ષક અનિલ એન. મકવાણા અને સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. આચાર્યએ રાષ્ટ્રગાન બાદ પ્રાસંગિક વક્તવ્યમાં દેશપ્રેમ, એકતા, સંસ્કાર અને શિસ્ત કેળવી દેશના વિકાસમાં યોગદાન આપવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.

# લાઠીમાં PGVCL દ્વારા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે કર્મચારીઓના બાળકોની ચિત્ર સ્પર્ધા યોજાઇ

લાઠી,તા.૧૯



લાઠીમાં ૧૫ ઓગષ્ટના રોજ ૮૦મા સ્વાતંત્ર્ય દિન ઉજવણી નિમિત્તે બાળકોમાં રાષ્ટ્રપ્રેમ, સર્જનાત્મકતા, ઊર્જા સંરક્ષણ તથા વીજ સલામતી અંગે જાગૃતિ કેળવવાના ઉદ્દેશ્ય સાથે PGVCL લાઠી દ્વારા કર્મચારીઓના બાળકો માટે વિશેષ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૫ બાળકોએ ભાગ લીધો હતો. ધોરણ ૧થી ૯ સુધી અભ્યાસ કરતા તમામ નાનાં-મોટાં બાળકોએ પોતાની કલ્પનાને કાગળ પર રંગો દ્વારા જીવંત કરી હતી. દરેક બાળકના ચિત્રમાં વિષયને પોતાની આગવી રીતે રજૂ કરવાનો પ્રયાસ જોવા મળ્યો હતો. ચિત્રોના નિષ્પક્ષ મૂલ્યાંકન માટે ત્રણ સભ્યોની નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવી હતી, સમિતિ દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાની પસંદગી કરવામાં આવી હતી. ધ્વજવંદન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્પર્ધાના ત્રણેય વિજેતા બાળકોને સૌની ઉપસ્થિતિમાં પુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ વિજેતા ધ્રુવી અલ્પેશભાઈ માલ, દ્વિતીય વિજેતા તક્ષીલ પ્રફુલભાઈ ગામેતી અને તૃતીય વિજેતા તરીકે એન્જલ મહીપતભાઈ ગોહિલને જાહેર કરવામાં આવેલ હતા.

# ઉનામાં લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા ૧૨મો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

ઉના,તા.૧૯



તસવીર : કૈલેશ ભટ્ટ

ઉના ખાતે ઉના લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા પ્રમુખ ડૉ. મનોજ માનસેત્તાના અધ્યક્ષસ્થાને ૧૨મો સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૬ યોજાયો હતો. આ સમારોહમાં ધોરણ ૧ થી ૧૨ તેમજ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના કુલ ૨૪૬ તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિઓને બિરદાવી તેમને ઉચ્ચ શિક્ષણ અને ભવિષ્યમાં વધુ પ્રગતિ કરવા માટે પ્રોત્સાહિત કરાયા હતા. સમારોહમાં લોહાણા સમાજના અગ્રણીઓ રસિક તન્ના, જેન્તી નથવાણી, કાંતિ છગ, જીતુ પંડત, ચંદુ કોટેચા, રાજુ પાંધી, પ્રવિણ છગ અને ભવ્ય પોપટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત લોહાણા સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રવિ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે દિનેશ રતનધાયરા અને તરુણ કાનાબારે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# દીવમાં ૨૫ વર્ષીય બ્યુટી પાર્લર સંચાલિકાનું શંકાસ્પદ મોત

**પરિવારનો પ્રેમી યુવક સામે આક્ષેપ, પોલીસે અટકાયત કરી તપાસ શરૂ કરી**



ઉના,તા.૧૯

દીવના વણાંકબારા વિસ્તારની ટાંકીવાડીમાં ૨૫ વર્ષીય બ્યુટી પાર્લર સંચાલિકા જસ્મીનાનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું છે. બનાવને લઈને પરિવારજનોએ તેના પ્રેમી કાર્તિક સામે આક્ષેપ કરતા પોલીસે તેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પરિવારના જણાવ્યા મુજબ, જસ્મીના અને મીઠીવાડીના રહેવાસી કાર્તિક વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી પ્રેમસંબંધ હતો. આ સંબંધને લઈને બંને પરિવારો વચ્ચે અગાઉ પણ બોલાચાલી અને ઝઘડા થયા હતા. પરિવારજનોના આક્ષેપ મુજબ કાર્તિક રાત્રિના સમયે જસ્મીનાને મળવા આવતો હતો અને સીસીટીવી કેમેરાથી બચવા અન્ય રસ્તાનો ઉપયોગ કરતો હતો. ઘટનાની રાત્રે પણ કાર્તિક ત્યાં હાજર હોવાનો પરિવારનો દાવો છે. તેમજ જસ્મીનાનો મોબાઈલ અને કેટલાક જરૂરી દસ્તાવેજો સ્થળ પરથી ગુમ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે તમામ મુદ્દાઓની તપાસ શરૂ કરી છે.

# મેંદરડાના ફાર્મહાઉસમાં દારૂની મહેફિલ માણતા ૧૦ સ્ત્રી-પુરુષ ઝડપાતા ખળભળાટ

જૂનાગઢ, તા.૧૯

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂની મહેફિલો યોજાતી હોવાના બનાવો સામે આવી રહ્યા છે. સુરત બાદ હવે જૂનાગઢ જિલ્લામાં પણ દારૂની પાર્ટી ઝડપાઈ છે. મેંદરડાના નતાળીયા ગામની હદમાં આવેલા 'વાઈલ્ડ વાડી કોટેઝ' ફાર્મહાઉસમાં ચાલી રહેલી દારૂની મહેફિલ પર જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડ્યો હતો. મળતી માહિતી મુજબ, ફાર્મહાઉસમાં કેટલાક લોકો ગેરકાયદેસર રીતે દારૂની મહેફિલ માણી રહ્યા હોવાની બાતમી પોલીસને મળી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે અચાનક દરોડો પાડ્યો હતો. પોલીસે ફાર્મહાઉસના રૂમ નંબર ૪૦૨માંથી કુલ ૧૦ સ્ત્રી-પુરુષને નશાની હાલતમાં ઝડપી પાડ્યા હતા. પોલીસની કાર્યવાહીથી મહેફિલ માણી રહેલા લોકોમાં દોડધામ મચી ગઈ હતી.



દરોડા દરમિયાન પોલીસે દારૂનો જથ્થો અને અન્ય મુદ્દામાલ કબજે કર્યો હતો. તમામ આરોપીઓને મેંદરડા પોલીસને સોંપવામાં આવ્યા છે. પોલીસે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ), ૮૧ અને ૮૩ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# 'પૈસા ખતમ થઈ ગયા, હવે ખાનગી નોકરી કરીશ': શહઝાદ પૂનાવાલા

નવી દિલ્હી, તા.૧૯

ભાજપના પૂર્વ પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ પાર્ટી છોડવાના કારણો અંગે ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે રાજકારણમાં સંપૂર્ણ સમય આપવાના કારણે તેમની આવકનો અન્ય કોઈ સ્ત્રોત રહ્યો નહોતો અને અગાઉની બચત પણ ખતમ થઈ ગઈ હતી. જેના કારણે ઘરનું ભાડું અને પરિવારની જવાબદારીઓ નિભાવવામાં મુશ્કેલી પડી રહી હતી. પૂનાવાલાએ જણાવ્યું કે તેમની માતાના અકસ્માત બાદ તેમની જવાબદારીઓ વધી હતી. પરિવાર અને પુત્ર તરીકેની ફરજો નિભાવવા માટે સમય ફાળવવો જરૂરી બન્યો હતો. તેમણે ૩૦ જુલાઈએ રાજીનામું આપ્યું હતું, જે લાંબી ચર્ચા બાદ સ્વીકારાયું હતું.તેમણે સ્પષ્ટ કર્યું કે ભાજપ છોડ્યું છે, પરંતુ તેની વિચારધારા પ્રત્યેની પ્રતિબધ્ધતા યથાવત્ છે. હવે તેઓ કોર્પોરેટ ક્ષેત્રમાં પરત ફરવાની તૈયારી કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ખાનગી ક્ષેત્રમાં નોકરી કરીને આવકનો સ્ત્રોત ઊભો કરવો જરૂરી છે.

# જૌહર યુનિવર્સિટી કેસમાં આઝમ ખાનના ૧૦ સ્થળોએ ઈડીના દરોડા

લખનૌ, તા.૧૯

સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન સાથે જોડાયેલા જૌહર યુનિવર્સિટી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ આજે વહેલી સવારથી મોટી કાર્યવાહી હાથ ધરી છે. ઈડીના લખનૌ ઝોનલ ઓફિસે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૭ હેઠળ રામપુર, સહારનપુર અને દિલ્હીમાં કુલ ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી મૌલાના મોહમ્મદ અલી જૌહર ટ્રસ્ટ અને મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટી સાથે સંકળાયેલી મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે કરવામાં આવી છે. તપાસમાં ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા સરકારી કોન્ટ્રાક્ટમાંથી મળેલા નાણાંના કથિત ડાયવર્ઝન અને ત્યારબાદ ટ્રસ્ટ તથા યુનિવર્સિટીના બાંધકામ સહિત અન્ય કામોમાં તેનો ઉપયોગ થયો હોવાની આશંકા છે. ઈડી દ્વારા દરોડા દરમિયાન નાણાકીય રેકોર્ડ, દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓની તપાસ કરવામાં આવી રહી છે. કોન્ટ્રાક્ટરો અને ટ્રસ્ટ વચ્ચે થયેલા નાણાકીય વ્યવહારો અંગે પણ તપાસ ચાલી રહી છે.




# 'જાપાન ઉગતા સૂર્યની ભૂમિ, યુપી સૂર્યવંશની ભૂમિ': યોગી

નવી દિલ્હી, તા.૧૯

યુપી-જાપાન રોકાણ મીટ ૨૦૨૬માં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશ અને જાપાન વચ્ચેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધો પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે જાપાનને 'ઉગતા સૂર્યની ભૂમિ' કહેવામાં આવે છે, જ્યારે ઉત્તર પ્રદેશ 'સૂર્યવંશની ભૂમિ' છે.

સીએમ યોગીએ ઉત્તર પ્રદેશને ભારતનું 'ફૂડ બાસ્કેટ' ગણાવી રાજ્યના કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં રોકાણની તકો અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે રાજ્યમાં ૯૬ લાખથી વધુ એમએસએમઈ, ૩૫ હજારથી વધુ મોટા ઉદ્યોગો અને ૨૨ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. તેમણે જાપાની ઉદ્યોગોને ઉત્તર પ્રદેશમાં રોકાણ, ઉત્પાદન, ટેક્નોલોજી અને નવીનતા ક્ષેત્રે ભાગીદારી માટે આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર જાપાન સાથે લાંબા ગાળાની અને ટકાઉ ઔદ્યોગિક ભાગીદારી વિકસાવવા પ્રતિબધ્ધ છે.

# બાંદ્રા રેલવે સ્ટેશન પરથી ૧૦ કરોડથી વધનું હશીશ ઝડપાયું, એકની ધરપકડ

મુંબઈ, તા.૧૯

મુંબઈ પોલીસના એન્ટી-નાર્કોટિક્સ સેલે બાંદ્રા રેલવે સ્ટેશન પરથી ૧૦ કિલો ૧૦ ગ્રામ હશીશના જથ્થા સાથે ૩૧ વર્ષીય આરોપીની ધરપકડ કરી છે. જપ્ત કરાયેલા હશીશની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે રૂ. ૧૦.૧૦ કરોડ હોવાનું પોલીસનું અનુમાન છે.

પોલીસને બાતમી મળી હતી કે બિહારનો એક શખ્સ ટ્રેન મારફતે ડ્રગ્સનો જથ્થો લઈને મુંબઈ આવી રહ્યો છે. જેના આધારે બાંદ્રા સ્ટેશન પર વોચ ગોઠવવામાં આવી હતી. આરોપી બિહારના મોતીહારીથી જનરલ કોચમાં મુસાફરી કરીને બાંદ્રા પહોંચ્યો હતો. પોલીસે તેની બેગની તપાસ કરતાં હશીશ મળી આવ્યું હતું. તેની પાસેથી મોબાઈલ ફોન પણ જપ્ત કરાયો હતો.




પોલીસ તપાસમાં આરોપી ડ્રગ્સ કેરિયર તરીકે કામ કરતો હોવાનું બહાર આવ્યું છે. તે જથ્થો મુંબઈમાં કોઈ વ્યક્તિને પહોંચાડવાનો હતો. આરોપીને કોર્ટમાં રજૂ કરતાં ૨૧ ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલાયો છે. સમગ્ર ડ્રગ્સ નેટવર્ક અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

# વઢવાણ-લખતર રોડ પર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત

સુરેન્દ્રનગર, તા.૧૯

સુરેન્દ્રનગરના વઢવાણ-લખતર રોડ પર પેપર મિલ નજીક ગમખ્વાર હિટ એન્ડ રનની ઘટના બની છે. દેદાદરા ગામ પાસે અજાણ્યા વાહનચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં દીપિકાબેન પરમાર અને તેમના પુત્ર દિવ્યેશનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે બાઈક ચલાવતા રવિભાઈ પરમારને ગંભીર ઈજાઓ પહોંચતા સુરેન્દ્રનગર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેમનું પણ મોત નીપજ્યું હતું. રવિભાઈ લખતર તાલુકા પંચાયતમાં ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હોવાનું જાણવા મળ્યું છે. ગત રાત્રે રવિભાઈ પત્ની દીપિકાબેન અને પુત્ર દિવ્યેશ સાથે બાઈક પર જઈ રહ્યા હતા.



ત્યારે અકસ્માત સર્જાયો હતો. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ફરાર વાહનચાલકને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

# સા.કુંડલા પાણી પુરવઠા વિભાગમાં કરોડોના કૌભાંડના આક્ષેપ

સાવરકુંડલા, તા.૧૯

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરી તથા અમરેલી વડી કચેરી દ્વારા ખાનગી એજન્સી સાથે મેળાપીપણું કરી કરોડો રૂપિયાનો ગોટાળો અને ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપો સાથે રામદેવસિંહ ગોહિલ દ્વારા ફરિયાદ કરવામાં આવી છે. એજન્સીને નિભાવણી માટે આશરે રૂપિયા ૫ કરોડનું ટેન્ડર મળ્યું હોવાનું જણાવાયું છે.ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે પાણી વિતરણ વ્યવસ્થામાં યોગ્ય રીતે ક્લોરીન નાખવામાં આવતું નથી અને પંપિંગ સ્ટેશનો પર ગંદકી જોવા મળે છે. ચોમાસા દરમિયાન ડહોળું પાણી વિતરણ થતું હોવાથી લોકોના આરોગ્ય સામે જોખમ ઉભું થતું હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત એજન્સી દ્વારા કર્મચારીઓના નામે પગારની ચૂકવણીમાં પણ ગેરરીતિ કરવામાં આવી હોવાના આક્ષેપ છે. મિકેનિકલ અને સિવિલ વિભાગમાં બોગસ નામો દર્શાવી પગાર ઉપાડવા, એકસરખા નામો દર્શાવવા તેમજ રજીસ્ટરમાં અસંખ્ય બોગસ નામો નોંધાવ્યા હોવાની ફરિયાદ કરવામાં આવી છે. પરિવારના સભ્યોના નામે પણ ખોટા પગાર ઉપાડ્યા હોવાના આક્ષેપ છે. સાવરકુંડલા શહેર ભાજપના પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે સમગ્ર મામલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત પાણી પુરવઠા બોર્ડના ઉચ્ચ અધિકારીઓને લેખિત ફરિયાદ કરી તપાસ અને કાર્યવાહી કરવાની માંગ કરી છે.




**એજન્સી સામે ગેરરીતિ અને ભ્રષ્ટાચારની ફરિયાદ, મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને રજૂઆત**

# માધવપુર દરિયામાં દિલ્હીનું દંપતી તણાતા પત્નીનું મોત, પતિની ગંભીર

પોરબંદર, તા.૧૯

પોરબંદરના માધવપુર દરિયાકિનારે દિલ્હીથી ગુજરાત પ્રવાસે આવેલા દંપતી સાથે કરુણ દુર્ઘટના સર્જાઈ હતી. દરિયામાં ઊંચા મોજા વચ્ચે અંજલીબેન શર્મા તણાઈ ગયા હતા. પત્નીને બચાવવા માટે પતિ હરિમોહન શર્માએ દરિયામાં છલાંગ લગાવતા તેઓ પણ ડૂબવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક યુવાનો અને અન્ય પ્રવાસીઓએ તાત્કાલિક દરિયામાં કૂદી બંનેને બહાર કાઢ્યા હતા. જોકે, પાણીમાં ડૂબી જવાથી અંજલીબેનનું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર હાલતમાં હરિમોહન શર્માને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.



# આફ્રિકામાં સોનાની ખાણ ધસી પડતાં ૩૦ કામદારોનાં કરૂણ મોત

બંગુઈ, તા.૧૯

મધ્ય આફ્રિકન રિપબ્લિકના પશ્ચિમ વિસ્તારમાં સોનાની ખાણ ધસી પડતાં મોટો અકસ્માત સર્જાયો છે. નાના-મામ્બેરે પ્રીફેક્ચરના અબ્બા વિસ્તારમાં બનેલી આ ઘટનામાં ઓછામાં ઓછા ૩૦ ખાણ કામદારોનાં મોત થયા છે, જ્યારે અનેક લોકો કાટમાળ નીચે ફસાયા હોવાની આશંકા છે. ઘટનાસ્થળે બચાવ કામગીરી ચાલી રહી છે. બચી ગયેલા ખાણ કામદાર ફ્લોરિયન ગાગુએન્ડેના જણાવ્યા મુજબ, આ પરંપરાગત ખાણ હતી, જ્યાં મર્યાદિત ટેક્નોલોજી અને સાધનોનો ઉપયોગ કરવામાં આવતો હતો. ડેપ્યુટી મેયર સુલેમાન બીએ જણાવ્યું હતું કે બચાવકર્મીઓ અને સ્થાનિકોએ કલાકોની મહેનત બાદ ખાણમાંથી ૩૦ મૃતદેહો બહાર કાઢ્યા છે.



કેટલાક ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. સરકારના પ્રવક્તા એવેરિસ્ટ ન્ગામાનાએ મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અસરગ્રસ્તોને જરૂરી રાહત અને સહાય પહોંચાડવા માટે અધિકારીઓ પ્રયાસ કરી રહ્યા છે. મધ્ય આફ્રિકન રિપબ્લિકમાં નાના પાયે પરંપરાગત ખાણકામ દરમિયાન અકસ્માતો સામાન્ય છે.

# ગોલમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં શ્રીલંકા સામે ભારતનો ૧૬૫ રને થયો વિજય

**દેવદત્ત પડિકલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો**

કોલંબો,તા.૧૯

ભારતે ગૉલમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં શ્રીલંકાને ૧૬૫ રને હરાવી બે મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. આ ભારતની ૬૦૦મી ટેસ્ટ મેચ હતી. ભારતની જીતમાં ૨૪ વર્ષીય લેફ્ટ આર્મ સ્પિનર માનવ સુથાર હીરો રહ્યો હતો. તેણે શ્રીલંકાની બીજી ઈનિંગ્સમાં ૬ વિકેટ ઝડપી હતી અને મેચમાં કુલ ૧૦ વિકેટ પોતાના નામે કરી હતી.



દેવદત્ત પડિકલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. તેણે મેચમાં કુલ ૨૧૧ રન બનાવ્યા હતા. પડિકલે પ્રથમ ઈનિંગ્સમાં ૧૬૭ અને બીજી ઈનિંગ્સમાં ૪૪ રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી. મેચના પાંચમા દિવસે શ્રીલંકાનો સ્કોર ૭૫ ઓવરમાં ૬ વિકેટે ૧૯૯ રન હતો. ત્યારબાદ માનવ સુથારે એક જ ઓવરમાં સોનલ દિનૂષા, પ્રભાત જયસૂર્યા અને લાહિરુ કુમારાની વિકેટ ઝડપી હતી. ત્યારબાદની ઓવરમાં કેશરા નુવાંથાને આઉટ કરી શ્રીલંકાની ઈનિંગ્સ સમેટી દીધી હતી.

# ભાવનગરમાં નકલી ઈંગ્લિશ દારૂ પીવાથી પાંચના મોત, ૨૦ લોકો સારવાર હેઠળ

ભાવનગર,તા.૧૯

ભાવનગર જિલ્લામાં નકલી ઈંગ્લિશ દારૂ પીવાના કારણે ૫ લોકોના મોત થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે, જ્યારે ૫ ગામના અંદાજે ૨૦ લોકો બીમાર પડ્યા છે. ઘટનાને પગલે પોલીસ અને વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી છે. સ્થિતિ ગંભીર બનતા ગૃહમંત્રીએ ૧૮ ઓગસ્ટની મધરાતે અમદાવાદ એરપોર્ટ પર તાત્કાલિક બેઠક યોજી હતી અને સમગ્ર ઘટનાની તપાસ **SMC**ને સોંપવામાં આવી છે. ત્યારબાદ ભાવનગર **SP** મયુરસિંહ ચાવડા પણ તાત્કાલિક ભાવનગર દોડી ગયા હતા.

પ્રાથમિક તપાસમાં મધ્યપ્રદેશના ઉજ્જૈનથી ૨૮ પેટી દારૂ ભાવનગરમાં લાવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે અત્યાર સુધીમાં ૧૫ પેટી જપ્ત કરી લીધી છે, જ્યારે બાકી રહેલી ૧૩ પેટી દારૂ શોધી કાઢવા માટે ભાવનગર પોલીસ દ્વારા અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસની ટીમો સંભવિત બુટલેગરો અને સપ્લાયરો સુધી પહોંચવા માટે તપાસ કરી રહી છે.આ સમગ્ર મામલે પોલીસે ૧૫ અલગ અલગ ટીમો બનાવી છે. ગત રાતથી અત્યાર સુધીમાં બુટલેગર અને સપ્લાયર સહિત કુલ ૧૩ લોકોની અટકાયત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તપાસ દરમિયાન નકલી દારૂ બનાવનાર લોકો પરપ્રાંતીય હોવાનું પણ સામે આવ્યું છે. જેથી આવા શખ્સોને શોધી ડિટેઈન કરવા માટે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ કુલ ૫ મોતમાંથી બે મોત શંકાસ્પદ હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે. એક મૃતકની અમદાવાદની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી છે, જ્યારે અન્ય એક મૃતકના પરિવારજનો દ્વારા નકલી દારૂ પીવાના કારણે મોત થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેથી તમામ મોત પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ અને આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. **SDM** અક્ષર વ્યાસે જણાવ્યું કે હાલમાં ૨૦ લોકો વિવિધ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેમાં ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં ૧૨ દર્દીઓ, આરોગ્યમ હોસ્પિટલમાં ૫, બિમ્સમાં ૧ અને વેદ **ICU**માં ૨ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ગઈકાલ સાંજની માહિતી મુજબ ઉપેન્દ્રસિંહ ગોહિલ અને કાર્તિક મકવાણાના મોત થયા છે. જ્યારે મૂળ ઈન્દોરના રહેવાસી નરેન્દ્રસિંહ યાદવ પણ વેદ **ICU**માં સારવાર દરમિયાન મોતને ભેટ્યા હતા.નરેન્દ્રસિંહ યાદવે અમદાવાદથી મુસાફરી કરી હોવાની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી હોવાથી તેમના મોતનું ચોક્કસ કારણ શું છે તે હાલ પોલીસ તપાસનો વિષય છે. તંત્ર દ્વારા આ અંગે અલગથી મેડિકલ ટીમ ફાળવવા સૂચના આપવામાં આવી છે. આવા કિસ્સાઓ માટે ડેડિકેટેડ સ્ટાફ રાખવાની પણ સૂચના આપવામાં આવી છે.

તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે, જેમણે પણ દારૂનું સેવન કર્યું હોય અને કોઈપણ પ્રકારની તકલીફ જણાય તો સમય ગુમાવ્યા વગર નજીકના મેડિકલ સેન્ટર અથવા હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર લેવી. સમગ્ર ઘટનાની તપાસ હાલ યુધ્ધના ધોરણે ચાલી રહી છે.






## ધોલેરામાં પણ બે પેટી વિદેશી દારૂ આપ્યો હોવાની જાણકારી

ભાવનગરના બુટલેગરે અમદાવાદ ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારના ધોલેરાના બુટલેગરને રોયલ સ્ટેગ નામનો વિદેશી દારૂની બે પેટી આપ્યાનું સામે આવ્યું છે. માહિતી મળતાં અમદાવાદ ગ્રામ્ય પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બંને પેટી દારૂ રિકવર કરી હતી. આ મામલે પોલીસે મોડી રાત્રે સમગ્ર વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું. ઉપરાંત અમદાવાદ ગ્રામ્યના તમામ ૫૦૦ ગામના સરપંચો સાથે બેઠક યોજી હતી. પોલીસે લોકોને રોયલ સ્ટેગ નામના વિદેશી દારૂનું સેવન નહીં કરવા અપીલ કરી છે. મોડી રાત્રે અમદાવાદ ગ્રામ્ય પોલીસે વિવિધ સ્થળોએ કાર્યવાહી કરીને ૨૦૦થી વધુ દારૂના કેસ નોંધ્યા હોવાનું જાણવા મળ્યું છે

## વરતેજમાં પરપ્રાંતીયો દારૂ બનાવતા હોવાનો ખુલાસો

ભાવનગરના નકલી દારૂકાંડમાં તપાસનો દોર મધ્યપ્રદેશ સુધી પહોંચ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ ભાવનગર પેરોલફ્લોની એક ટીમને મધ્યપ્રદેશ રવાના કરવામાં આવી છે. મધ્યપ્રદેશથી પરપ્રાંતીયો વરતેજમાં ગૌતમના ઘરે દારૂ બનાવવા આવ્યા હોવાની વિગતો સામે આવી છે.

## લઠ્ઠાકાંડમાં મુખ્ય આરોપી રઈસ ઉજ્જૈનનો, ૨૭થી ૨૮ પેટી દારૂ બનાવ્યો

લઠ્ઠાકાંડનો મુખ્ય આરોપી રઈસ ઉજ્જૈનનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ભાવનગરમાંથી જ દારૂ બનાવવાનું કારખાનું ઝડપાયું હતું અને રઈસ દ્વારા દારૂ બનાવાયો હોવાની માહિતી મળી છે. મિથાઈલની વધુ માત્રાવાળા દારૂની ૨૭થી ૨૮ પેટીઓ બનાવાઈ હતી, જેમાંથી ૭ પેટીઓનો દારૂ કોને-કોને પહોંચાડવામાં આવ્યો તેની તપાસ ચાલી રહી છે. રઈસ સહિત અન્ય આરોપીઓની પૂછપરછ શરૂ કરાઈ છે. અમદાવાદથી નેફ્રોલોજિસ્ટ સહિત ડોક્ટરોની ટીમોને તાત્કાલિક ભાવનગર મોકલવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે.

## ઘોઘાના ખરકડી ગામે દારૂ પાર્ટી થઈ હતી

ભાવનગરના ઘોઘાના ખરકડી ગામમાં ૭ મિત્રોએ ૧૬ ઓગસ્ટે રાત્રે દારૂ પાર્ટી કરી હતી, જેમાં નકલી દારૂ પીવાથી ઉપેન્દ્રસિંહ ગોહિલનું મોત નિપજ્યું હતું. ત્યારબાદ રાતે લઠ્ઠાકાંડ થયો હોવાનું સામે આવ્યું છે. જ્યારે ઘનશ્યામસિંહ જાડેજા સદવિચારમાં અને વિશ્વરાજસિંહ વનરાજસિંહ ગોહિલ (ઉ.વ.૨૪) અર્હમ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અન્ય અજાણ્યા ૪ શખસ અલગ અલગ જગ્યાએ સારવાર હેઠળ છે. આ મામલે પોલીસે ડુપ્લીકેટ 'રોયલ સ્ટેગ' દારૂનું વેચાણ કરતા ૪ બુટલેગરોને ડિટેઈન કર્યા છે. મૃતકના ભાઈએ કહ્યું- દારૂમાં પોઈઝન હોવાની શક્યતા છે.

## અમદાવાદ એરપોર્ટ પર ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ, SMCને તપાસ સોંપાઈ

આ ગંભીર બનાવના પગલે રાજ્ય સરકાર તાત્કાલિક હરકતમાં આવી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ ૧૮ ઓગસ્ટે મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ પર રાજ્ય પોલીસ વડા જી. એસ. મલિક, આઈબીના વડા તેમજ અમદાવાદ પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સમગ્ર કેસની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ (**SMC**) ની ટીમને સોંપવામાં આવી છે. આ ઉપરાંત, **SMC** ના એસપી મયુર ચાવડાને તાત્કાલિક ભાવનગર મોકલીને દોષિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે.

## દારૂ પીધો હોય તેમણે તબીબી સલાહ લેવા ભાવનગર એસ.પી.ની અપીલ

ડુપ્લિકેટ દારૂ મામલે ભાવનગર જિલ્લા પોલીસવડાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, પીડિત અને હ્યુમન સોર્સના આધારે ડુપ્લિકેટ દારૂ સપ્લાય કરનારા ગૌતમ સોલંકી સહિત ચાર બુટલેગરને ઝડપી લેવાયા છે અને છેલ્લા ત્રણથી ચાર દિવસ દરમિયાન તેમણે આ દારૂની સપ્લાય વરતેજ પોલીસ મથક તથા શહેરના જુદા-જુદા વિસ્તારોમાં કરી હતી. જે પૈકી ૯૦ ટકા દારૂ રિકવર કરી લેવાયો છે. બાકીનો જથ્થો જેમને છૂટક વેચ્યો છે તેમને ટ્રેસ કરવામાં આવી રહ્યાં છે. ડુપ્લિકેટ દારૂ તેઓ ક્યાંથી લાવ્યા તે દિશામાં તપાસ ચાલી રહી છે. તેમજ જે લોકોએ આવા દારૂનું સેવન કર્યું હોય તેમણે તબિયત સારી હોય તો પણ એકવાર ડોક્ટરની સલાહ મુજબ સારવાર લેવા તેમણે અપીલ કરી છે.

## દારૂ મામલે અમરેલી જિલ્લા પોલીસ પણ સતર્ક

ભાવનગરમાં નકલી વિદેશી દારૂ પીધા બાદ પાંચ લોકોના મોત થયા બાદ અમરેલી જિલ્લા પોલીસ પણ સતર્ક બની છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતુ કે, જિલ્લામાં ડીજીની સુચનાથી પ્રોહિબિશનની ડ્રાઈવ ચાલુ છે અને જે કોઈ ઈસમ પાસેથી દારૂ પકડાય તો તેની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા દારૂ બાબતે ભારે સતર્કતા દાખવામાં આવી રહી છે.

# અમરેલી જિલ્લાના સરસિયા રેન્જમાંથી ૧૦ માસના સિંહબાળનો મૃતદેહ મળ્યો

અમરેલી,તા.૧૯

ધારી ગીર પૂર્વ ડિવિઝન હેઠળ આવતી સરસિયા રેન્જની છતડિયા બીટના રોજમાળ વિસ્તારમાંથી ૮થી ૧૦ માસના એક સિંહબાળનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં સરસિયા રેન્જના આરએફઓ જયશ્રી પટાટની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને



સિંહબાળના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. વનવિભાગ દ્વારા હાથ ધરાયેલી પ્રાથમિક તપાસ બાદ સત્તાવાર રીતે જણાવાયું છે કે સિંહબાળનું મોત ન્યુમોનિયા નામની બીમારીના કારણે થયું છે. જોકે, વનવિભાગ દ્વારા સિંહબાળના મોત અંગે અન્ય દિશાઓમાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે. નોંધનીય છે કે અગાઉ ધારી ગીર પૂર્વ ડિવિઝનમાં વિવિધ કારણોસર ૧૦થી વધુ સિંહોના મોત થયા હતા. જેમાં બીમારી અને શંકાસ્પદ સંજોગોનો પણ સમાવેશ થાય છે. તે સમયે રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને વનમંત્રીએ જંગલની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. હવે ફરી એકવાર બીમારીના કારણે સિંહબાળના મોતની ઘટના સામે આવી છે.

# GSRTCના દૈનિક મુસાફરો હવે ૧૫ દિવસમાં ૩૦ દિવસની મુસાફરી કરી શકશે

ગાંધીનગર,તા.૧૯

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રોજીંદા અપડાઉન કરતા મુસાફરો માટે દૈનિક મુસાફર પાસ યોજનામાં ભાડાની રાહત વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ માસિક પાસ માટે અગાઉ ૧૮ દિવસનું ભાડુ લેવામાં આવતું હતું, જે હવે




ઘટાડીને ૧૫ દિવસ કરવામાં આવ્યું છે. એટલે મુસાફરો ૧૫ દિવસનું ભાડુ ભરીને ૩૦ દિવસ સુધી મુસાફરી કરી શકશે. ત્રિમાસિક પાસમાં પણ રાહત આપવામાં આવી છે. અગાઉ ૯૦ દિવસ માટે ૫૪ દિવસનું ભાડુ ભરવું પડતું હતું, હવે માત્ર ૪૫ દિવસનું ભાડુ ભરવાનું રહેશે. આ નિર્ણયથી રાજ્યના આશરે ૨.૫ લાખથી વધુ રોજીંદા મુસાફરોને સીધો આર્થિક લાભ મળશે. નોકરિયાત, વેપારીઓ અને ધંધાર્થીઓના મુસાફરી ખર્ચમાં ઘટાડો થશે અને જાહેર પરિવહનનો ઉપયોગ વધશે.

